# આત્મધર્મ

માસિક : વર્ષ-૧૩ * અંક-૩ * નવેમ્બર, ૨૦૧૮



શાસનનાયક શ્રી મહાવીરસ્વામી
શ્રી દિગમ્બર જૈન પરમાગમમંદિર, સોનગઢ

# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

● જે પુરુષ કામરૂપી અગ્નિથી પીડિત થઈને મૈથુન વડે તે પીડાને શાંત કરવા ઇચ્છે છે તે દુર્બુદ્ધિ ઘી વડે અગ્નિને શાંત કરવા માગે છે. ૧૭૦૧.

(શ્રી શુભચંદ્રાચાર્ય, જ્ઞાનાર્ણવ, સર્ગ-૧૩, ગાથા-૧)

● (ભાવ-સપ્તવ્યસનનું સ્વરૂપ) અશુભકર્મના ઉદયમાં હાર અને શુભકર્મના ઉદયમાં વિજય માનવો એ ભાવ-જુગાર છે, શરીરમાં લીન થવું એ ભાવ-માંસ-ભક્ષણ છે, મિથ્યાત્વથી મૂર્ચ્છિત થઈને સ્વરૂપને ભૂલી જવું એ ભાવ-મદ્યપાન છે, કુબુદ્ધિના રસ્તે ચાલવું એ ભાવ-વેશ્યાવ્યસન છે. કઠોર પરિણામ રાખીને પ્રાણોનો ઘાત કરવો એ ભાવ-શિકાર છે, દેહાદિ પરવસ્તુમાં આત્મબુદ્ધિ રાખવી તે ભાવ-પરસ્ત્રીસંગ છે, અનુરાગપૂર્વક પરપદાર્થોનું ગ્રહણ કરવાની અભિલાષા તે ભાવ-ચોરી છે. આ જ સાતે ભાવ-વ્યસન આત્મજ્ઞાનનું વિદારણ કરે છે અર્થાત્ આત્મજ્ઞાન થવા દેતા નથી ૧૭૦૨. (શ્રી બનારસીદાસજી, નાટક સમયસાર,સાધ્યસાધક દ્વાર, પદ-૨૯)

● મિથ્યાત્વથી ઉત્પન્ન જે મોહ, તેનાથી ધતૂરાથી ઊપજેલ મોહ સારો છે. દર્શન-મોહ અનંતાનંત જન્મ-મરણ વધારે છે, ધતૂરો અલ્પકાળ ઉન્મત્ત કરે છે, મિથ્યાદર્શન અનંતાનંતભવ પર્યંત જીવને અચેત કરી કરી મારે છે. માટે જન્મ-મરણના દુઃખથી ભયભીત હોય તે મિથ્યાત્વનો ત્યાગ કરે છે. ૧૭૦૩.

(શ્રી શિવકોટી આચાર્ય, ભગવતી આરાધના, ગાથા-૭૩૧)

● ઈસ દેહકા ઉવટના કરો, તૈલાદિકા મર્દન કરો, શ્રૃંગાર આદિસે અનેક પ્રકારસે સજાઓ, અચ્છે અચ્છે મિષ્ટ આહાર દેઓ, લેકિન યે સબ યત્ન વ્યર્થ હૈ, જૈસે દુર્જનોંકા ઉપચાર કરના વૃથા હૈં, ૧૭૦૪.

(શ્રી યોગીન્દ્રદેવ, પરમાત્મપ્રકાશ, અધિ-૨, ગાથા-૧૪૮)

● બુદ્ધિમાનકો ઉચિત હૈ કિ અનંતજ્ઞાનાદિ ચતુષ્ટયસ્વરૂપકો પહચાને, આત્મજ્ઞાનરૂપી અંકુરકો પાકર ઉસકે મિલનેમેં બડા હી હર્ષ માને. યદિ શરીરકે સ્વભાવમેં લીન હો ઔર જ્ઞાનમેં વિઘ્ન ડાલે તો વહ અંતરાયકર્મ બાંધે, જો દુઃખોંકા બીજ હૈ. ૧૭૦૫. (શ્રી તારણસ્વામી, ઉપદેશ શુદ્ધસાર, શ્લોક-૩૮૩)

● હે ભવ્ય! તું પરમ શ્રદ્ધાપૂર્વક દર્શનજ્ઞાનચારિત્ર સ્વરૂપ (આત્માના) શરણને સેવન કર, આ સંસારમાં પરિભ્રમણ કરતાં જીવોને અન્ય કોઈ પણ શરણ નથી. ૧૭૦૭. (સ્વામિકાર્તિક, બાર અનુપ્રેક્ષા, ગાથા-૩૦)

વર્ષ–૧૩
અંક–૨




વિ. સંવત
૨૦૭૪
November
A.D. 2018

# અનંત ચૈતન્ય દીવડા પ્રગટાવો

## આનંદમય દીવાળી - સવાયા આત્મલાભ

આત્મામાં ચૈતન્ય-દીવડા પ્રગટે અને ભગવાન મહાવીર જે માર્ગે નિર્વાણ પામ્યા તે માર્ગરૂપે આ આત્મા પણ પરિણમે-એ સાચો નિર્વાણ મહોત્સવ છે, એ સાચી દીવાળી છે. પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રતાપે એ માર્ગ આપણને મળ્યો છે. મહાવીર પરમાત્મા જેવું આપણું પરમાત્મતત્ત્વ આપણી ચેતનાપરિણતિમાં બિરાજી રહ્યું છે અને તે ચેતના અનંતા આનંદ-દીવડાથી ઝગઝગાયમાન છે.

અહો, આનંદમય સમ્યક્ત્વપ્રકાશથી શોભતું ચૈતન્યપ્રભાત એ જ સાચું સુખમય સુપ્રભાત છે. એવા સુપ્રભાતી-સંતોને નમસ્કાર કરીએ છીએ, તેમના મંગલ-આશીષ લઈને 'સવાયા આત્મલાભ' ની ભાવના ભાવીએ છીએ.

## સ્વતત્ત્વના સ્વીકાર વડે જ્ઞાનજ્યોતિરૂપી દીવડો પ્રગટાવો




(રાગથી વિભક્ત ને સ્વભાવથી એકત્વના સમ્યક્બોધસ્વરૂપ નિર્મળ વિવેકરૂપી દીવીના પ્રકાશ વડે આત્માને દીપાવવો તે સાચી દીપાવલી છે.)

અહો, આજથી ૨૫૪૪ વર્ષ પહેલાં, આસો વદ ૧૪ની પાછલી રાત્રે, ચાર અઘાતિકર્મનો ક્ષય કરીને અરિહંત ભગવાન મહાવીર સિદ્ધ-પરમાત્મદશાને પામ્યા. કેવળજ્ઞાન થયું ત્યારે જ ભગવાનને ભાવમોક્ષ પ્રગટ થઈ ગયો હતો. આજે સકળ કર્મકલંક રહિત પરમશ્રીરૂપી મુક્તિકામિનીના વલ્લભ થયા.

અહા, વસ્તુનું સ્વરૂપ તો જુઓ ! જે સમયે ભગવાન મહાવીર નિર્વાણ પામ્યા તે જ સમયે તેઓ લોકાગ્રે બિરાજમાન થયા. જે સમયે નિર્વાણ તે જ સમયે લોકના અસંખ્ય પ્રદેશોનું ઉલ્લંઘન ને તે જ સમયે લોકઅગ્રે સ્થિત થયા. સમય એક ને ઘટના ત્રણ ! ભગવાને આવું કેવળજ્ઞાનમાં જોયું છે માટે તેમ છે—એમ નથી, પણ વસ્તુનું આવું જ કોઈ ગહન સ્વરૂપ છે ને જેવું સ્વરૂપ છે તેવું જ ભગવાને જોયું-જાણ્યું છે.

જુઓ તો ખરા ! એક ક્રિયાવતીશક્તિની કેટલી તાકાત છે ! સમય એક જ ને બનાવ ત્રણ !! આવી આવી તો અનંતી શક્તિઓ તારામાં ભરપૂર પડી છે પણ તને એનો વિશ્વાસ ક્યા છે ? એકવાર જ્યારે તને તારા અનંતશક્તિના નાથ પરમાત્માનો મહિમા આવે, વિશ્વાસ આવે ત્યારે જ દીપાવલી પર્વની તે સાચી ઉજવણી કરી કહેવાય, અને તો જ જેવી પરમાત્મજ્યોતિરૂપ દીપાવલી ભગવાન મહાવીરે પોતાની પરિણતિમાં પ્રગટાવી તેવી દીપાવલી તારા આત્મામાં પણ પ્રગટે. ૨૫૪૪ વર્ષ પહેલા આજના દિવસે મહાવીર ભગવાન સિદ્ધપરમાત્મદશાને પામ્યા. જુઓ, જીવના વીર્યની દશા ! ઋષભદેવ ભગવાનના સમવસરણમાં તેઓ (મરિચિપણે) હોવા છતાં ઊંધા પુરુષાર્થથી અસંખ્ય અબજો વર્ષો સુધી અનેક કુગતિમાં રખડ્યા; અને પૂર્વના દશમા ભવે હરણને મારતી વખતે મુનિરાજના દર્શન ને ઉપદેશથી ભવાંતકારી નિર્મળ પરિણતિ પામ્યા. મરિચિના ભવમાં સાક્ષાત્ ભગવાનની દિવ્યધ્વનિ સાંભળવા છતાં પોતાના આત્માને ન ઓળખી શક્યા ને સિંહ જેવી ક્રૂર હિંસક તિર્યંચદશામાં આત્મદર્શન પામી ગયા.... ! અહીં પણ ઉપાદાનકારણની જ સિદ્ધિ થઈ; સાક્ષાત્ દિવ્યધ્વનિ, મનુષ્યદશા તથા રાજપાટનો ત્યાગ એમ બધું હોવા છતાં સમ્યગ્દર્શન પામી ન શક્યા અને તિર્યંચગતિ, હિંસાના પરિણામ ને મનુષ્ય ભાષા સમજવી પણ મુશ્કેલ—તેવી સ્થિતિમાં આત્મા ને રાગની ભિન્નતાનું ભાન કરી શક્યા. અનંતશક્તિનું ધારક આત્મતત્ત્વ સદૈવ મૌજૂદ છે. પુરુષાર્થસ્વભાવી જ આત્મા છે એનો સ્વીકાર આવ્યો કે આત્મા પ્રત્યક્ષ થઈ ગયો. અહો જીવના પુરુષાર્થની પણ બલિહારી છે.




અહા ! મુનિરાજે કઈ ભાષામાં ઉપદેશ આપ્યો હશે ?—ને સિંહ એ ભાષા કેવી રીતે સમજી શક્યો હશે ? આકાશમાંથી બે મુનિરાજ સિંહને ઉપદેશ આપવા નીચે ઊતરી રહ્યા છે અને સિંહ તે દશ્ય જોઈને આશ્ચર્ય પામે છે કે અરે ! મારાથી તો બધા દૂર ભાગે, ને આ બે માનવ મારી સામે નિર્ભયતાથી આવી રહ્યા છે;

આ તે શું ? એમ વિસ્મયતામાં છે ત્યાં તો મુનિરાજ આવીને કહે છે કે અરે સિંહ ! દશમા ભવે તું ચોવીસમાં તીર્થંકર ભગવાન મહાવીર થવાનો છે, આ ક્રૂર હિંસાના પરિણામ તને કેમ શોભે ? આ સિંહ-તિર્યંચગતિ તે તું નથી. એ તારામાં નથી. તું અતીન્દ્રિય આનંદનો નાથ ત્રિકાળી મુક્તસ્વભાવી જ્ઞાયક આત્મા છો. તું સિંહ નથી પણ જ્ઞાનાનંદમય ચૈતન્યપ્રભુ છો, ટગટગ નયને ઉત્સુકતાથી સાંભળી રહેલા સિંહની આત્મવૃત્તિ જાગી ઉઠી ને આંખોમાંથી પશ્ચાત્તાપના ચોધાર આંસુ વહેવા લાગ્યા. ક્ષણ પહેલાંનો ક્રૂર જીવ આશ્ચર્યકારી સરળભાવે વિચારમાં પડી ગયો કે હું પરમેશ્વર છું !-ને એવા ઉલ્લસિત વીર્યથી અંદરમાં ઊંડો ઊતરી ગયો કે અંતર્મુખ થતાં જ જેવું મુનિરાજે કહ્યું હતું તેવું જ પોતાનું સ્વરૂપ અનુભવમાં આવ્યું... અહા ! ઘડીક પહેલાંનો માંસાહારી જીવ ધર્માત્મા-જ્ઞાની બની ગયો ! એ જ વીતરાગ જૈનધર્મની-વસ્તુસ્વભાવની-મહાનતા છે કે ક્ષણ પહેલાંનો પાપી ક્ષણ પછી આત્મદર્શી બની જાય છે, કારણ કે તેનામાં તેનું પરમેશ્વરતત્ત્વ મૌજુદ છે ને ? ભાઈ ! એકવાર ગુલાટ મારીને આવા પરમેશ્વરતત્ત્વનો મહિમા તો લાવ, તને પરમેશ્વરતા પ્રગટપણે અનુભવાશે.

## શ્રોતાના લક્ષણ

ભલું થવા યોગ્ય છે તેથી જે જીવને એવો વિચાર આવે છે કે..... હું કોણ છું ? ક્યાંથી અહીં આવી જન્મ થયો ? મરીને ક્યાં જઈશ ? મારું સ્વરૂપ શું છે ? આ ચારિત્ર કેવું બની રહ્યું છે. આદિનો જેણે નિર્ણય કર્યો છે. આત્મા અદ્ધરથી આવ્યો કે પૂર્વભવમાંથી આવ્યો છે. હું આ કુળમાં જન્મ્યો છું. હું કોણ છું, મરીને ક્યાં જઈશ એટલે કે આ દેહ છૂટશે એટલે હું ક્યાં જઈશ—એવો વિચારવાન શ્રોતા હોવો જોઈએ. મારું ખરું સ્વરૂપ શું છે ? અને આ વર્તન બધું શું થઈ રહ્યું છે. ખાવું પીવું, વેપાર-ધંધા, વગેરે જે થઈ રહ્યું છે તે શું છે ? મને આ જે ભાવો થાય છે એટલે કે આ પાપ ભાવો થાય છે. કુટુંબના—વેપારના—શરીરાદિનાં ભાવો થાય છે તેનું ફળ શું આવશે ? અને આ જીવ કેમ દુઃખી થઈ રહ્યો છે, તેવા વિચાર કરનારો યોગ્ય શ્રોતા છે. જેને દુઃખ જ ન લાગતું હોય તે યોગ્ય શ્રોતા નથી.

જે જીવ લૌકિક અનુકૂળતામાં લીન થઈ ગયો હોય, એટલે એને વર્તમાન દુઃખ લાગતું નથી, એવો શ્રોતા ધર્મ શ્રવણને લાયક નથી.

ધર્મબુદ્ધિ વડે નિંદ્ય કાર્યોનો જે ત્યાગી થયો છે એવા જીવો શાસ્ત્રના શ્રોતા હોવા જોઈએ. લૌકિકમાં પણ જે ન શોભે એવાં કાર્યો કરતો હોય તે શ્રોતાને લાયક નથી તો પછી એવો જીવ કદી વક્તા તો થઈ શકે જ નહીં. —પૂજ્ય ગુરુદેવશ્રી



# શ્રી સમયસારજી શાસ્ત્ર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન




## હે જીવ ! મોહને હવે તો છોડ !

હે જીવ ! તું તો જ્ઞાનાનંદ સ્વરૂપી આત્મા છો, તેનો સ્વાદ અનાદિથી આજ સુધીમાં તેં કદી પણ લીધો જ નથી. અનાદિથી આજ પર્યંત તે રાગ-દ્વેષ-મોહનો જ આસ્વાદ લીધો છે. નથી તે કદી સ્ત્રી, પુત્ર કે પૈસાનો અનુભવ કર્યો કે નથી તેં કદી આત્માનો અનુભવ કર્યો, એકમાત્ર દુઃખને જ વેદતો આવ્યો છે.

સ્ત્રી, પુત્ર, ધન, વૈભવ મારાં છે, પુણ્ય-પાપના ભાવ મારા છે, એવી મિથ્યા માન્યતાને વશ થઈને અનુકૂળ-પ્રતિકૂળ સંયોગોમાં રાગ-દ્વેષ કરીને તેને જ આજ સુધી તું ભોગવતો આવ્યો છો. અજ્ઞાન દશામાં પણ તેં કદી સ્ત્રી-પુત્ર-પૈસા આદિ પરદ્રવ્યોનો ભોગવટો કર્યો જ નથી.

સ્વ વિષયને ભૂલીને, પર પદાર્થોને વિષય બનાવીને એકલા રાગ-દ્વેષ-મોહને જ સદા અનુભવતો આવ્યો છો. માટે હે જીવ, હવે તો તેને છોડ ! એકમાત્ર દુઃખને જ વેદ્યું છે માટે હવે તો છોડ ! પરદ્રવ્યને જ વિષય બનાવતો આવ્યો હતો, હવે તો ચૈતન્યને વિષય બનાવ ! આજ પર્યંત પરદ્રવ્યને જ ધ્યાનનો વિષય બનાવતો રહ્યો છો, તેથી દુઃખી થઈ રહ્યો છો. હવે તો ધ્યેયને ફેરવ ! ધ્યાનના વિષયને હવે તો ફેરવ ! નિજ ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદથી ભરેલો છે તેને હવે તો ધ્યાનનો વિષય બનાવ !

પોતાને સાચવવાની ચીજ પોતે છે, તેની સંભાળ ન લીધી ને પર ચીજને સાચવવા રોકાયો તેથી દુઃખને જ અનુભવ્યું છે. અનંતવાર દુઃખને જ વેદ્યું છે, માટે હવે તો રાગ-દ્વેષ-મોહને છોડ ! જે રાગ-દ્વેષ-મોહને મારા માનીને વેદ્યા હતાં તેનું લક્ષ છોડીને ભગવાન આત્માનું લક્ષ કરને ! હવે તો ત્રિકાળી ચૈતન્યને ધ્યાનનો વિષય બનાવ.

સમ્યગ્દષ્ટિએ આત્માની રુચિ કરીને શક્તિમાં જે આનંદ હતો તેને પર્યાયમાં પ્રગટ કરીને અનુભવ્યો છે. તું પણ રસિકજનોને રુચિકર ભગવાન આત્માના જ્ઞાનાનંદનો

મૂઢ જહીં વિશ્વસ્ત છે, તત્સમ નહિ ભયસ્થાન;
જેથી ડરે તેના સમું કોઈ ન નિર્ભય ધામ. ૨૯. –શ્રી સમાધિતંત્ર

આસ્વાદ લે! તેને જ અનુભવ. પુણ્ય-પાપના રસિયાઓ દુઃખને જ અનુભવે છે. સમ્યગ્દષ્ટિ આત્માના રસિયા હોવાથી આનંદને જ વેદે છે. તું પણ આત્માની રુચિ કરીને આત્માનો આસ્વાદ કર.

સમ્યગ્દષ્ટિને શુભાશુભભાવ જ્ઞાતાનું પરજ્ઞેય છે, તેથી તે ભાવથી થતું બંધન પણ તેને જ્ઞાતાનું પરજ્ઞેય છે ને તેના ફળમાં જે સંયોગ મળે તે પણ જ્ઞાતાનું પરજ્ઞેય છે. એ રીતે શુભાશુભભાવમાં, તેનાથી થતાં બંધનમાં કે તેનાથી મળતા ફળમાં ક્યાંય પણ સમ્યગ્દષ્ટિને મારાપણું વર્તતું નથી.

હવે તો હે જગતના જીવો! તમે રાગના આસ્વાદને છોડો ને અતીન્દ્રિય આનંદને આસ્વાદો! કારણ કે આત્મા છે તે ખરેખર પરદ્રવ્યો સાથે, અનાત્મા સાથે કોઈપણ પ્રકારે કોઈ કાળે એકપણું પામતો નથી. આત્મા કદી પણ રાગ સાથે એકપણું પામતો નથી, કેમ કે એક જ્ઞાયકભાવ છે તે કદી પણ અનાત્મા સાથે એકપણું પામતો નથી. એ રીતે આચાર્યદેવે અનાદિથી પરદ્રવ્ય સાથે લાગેલા મોહનું ભેદવિજ્ઞાન બતાવી પ્રેરણા કરી છે કે પર સાથેના એકપણારૂપ મોહને હવે તો છોડ! ને જ્ઞાનનો આસ્વાદ કર!

## અજ્ઞાની અને જ્ઞાનીનું લક્ષણ

હું આ અને આ હું, હું છું આનો અને છે મારું આ,
જે અન્ય કો પરદ્રવ્ય મિશ્ર, સચિત્ત અગર અચિત્ત વા, ૨૦.
હતું મારું આ પૂર્વે, હું પણ આનો હતો ગતકાળમાં,
વળી આ થશે મારું અને આનો હું થઈશ ભવિષ્યમાં, ૨૧.
અયથાર્થ આત્મવિકલ્પ આવો, જીવ સંમૂઢ આચરે,
ભૂતાર્થને જાણેલ જ્ઞાની એ વિકલ્પ નહીં કરે. ૨૨.

અજ્ઞાની અને જ્ઞાનીના લક્ષણ દૃષ્ટાંત દ્વારા આચાર્યદેવ સમજાવે છે :-

જેમ કોઈ પુરુષ અગ્નિને તથા લાકડા આદિ ઈન્ધનને ભેગા મળેલાં દેખીને એમ માને કે અગ્નિ છે તે જ લાકડું છે ને લાકડું છે તે જ અગ્નિ છે; અગ્નિનું લાકડું છે ને લાકડાનો અગ્નિ છે; તો તે પુરુષને લોકો મૂર્ખ તરીકે જાણે છે.

વળી તે પુરુષ અગ્નિ તથા લાકડાને ભેગા મળેલા દેખીને એમ માને કે અગ્નિનું

> ઇન્દ્રિય સર્વ નિરોધીને, મન કરીને સ્થિરરૂપ,
> ક્ષણભર જોતાં જે દીસે, તે પરમાત્મસ્વરૂપ. ૩૦. –શ્રી સમાધિતંત્ર

લાકડું પહેલાં હતું ને લાકડાનો અગ્નિ પહેલાં હતો; અગ્નિનું લાકડું ભવિષ્યમાં થશે ને લાકડાનો અગ્નિ ભવિષ્યમાં થશે; તો તે પુરુષ લોકદૃષ્ટિમાં મૂર્ખ તરીકે મનાય છે.

તેમ જે જીવ, પરદ્રવ્ય તે હું છું, રાગ તે હું છું, શરીર તે હું છું—એમ પરદ્રવ્યમાં અહંપણાનો વિકલ્પ કરે છે અર્થાત્ પરદ્રવ્યમાં જ પોતાનું અસ્તિત્વ માને છે, તે જીવ અપ્રતિબુદ્ધ નામ અજ્ઞાની છે. સ્ત્રી, પુત્ર, મિત્ર, આદિ સચેત તેમ જ પૈસા, વસ્ત્ર, મોટર બંગલા આદિ અચેત તથા મિશ્ર—તે હું છું ને તેઓ મારા છે એમ જે જીવ અસત્યાર્થ માન્યતા કરે છે તેને મૂઢ મિથ્યાદૃષ્ટિ જાણવો.

વળી શિષ્ય, ભક્તો, શ્રોતા આદિ સચેત તથા ઉપકરણ અચેત તેમ જ મિશ્ર—તે હું છું ને તેઓ મારા છે એવી જેની માન્યતા છે તે મિથ્યાદૃષ્ટિ છે તેઓ મૂઢ અપ્રતિબુદ્ધ જાણવા. દયા-દાન-વ્રત આદિ વ્યવહારચારિત્રનો વિકલ્પ તે સચેત અને પુદ્ગલાદિ અચેત તેમ જ શરીર સહિત પુત્રાદિના જીવ તે મિશ્ર—તે હું તેમ માને તે અજ્ઞાની જીવ જાણવો.

પર્યાયદૃષ્ટિએ જીવ કેવો છે તેની વાત ચૌદ માર્ગણાસ્થાનમાં છે. વસ્તુદૃષ્ટિએ માર્ગણાસ્થાન જીવમાં નથી છતાં જીવને માર્ગણાસ્થાનરૂપે માનવો તે અસત્યાર્થ છે. તેવી જૂઠી જેની માન્યતા છે તે અજ્ઞાની જીવનું લક્ષણ છે.

'હું' અને 'આ'—એમ કહેતાં બે ભિન્ન-ભિન્ન પદાર્થની ભિન્ન અસ્તિ સિદ્ધ થાય છે. તે છતાં અજ્ઞાની જીવ બેમાં એકપણું દેખતો, માનતો, શ્રદ્ધતો હોવાથી તે મિથ્યાદૃષ્ટિ છે. ભગવાન આત્મા તો એક જ્ઞાયકભાવ છે, રાગથી પણ જુદો છે. તેમ ન માનતાં, રાગ તે હું, દયા-દાન આદિનો વિકલ્પ તે હું—એમ પરરૂપે પોતાને જે માને છે તે અજ્ઞાનીનું લક્ષણ જાણવું.

વળી પૂર્વે મેં પુણ્ય બાંધેલા તેથી મને આ મનુષ્યપણું મળ્યું—એમ પરદ્રવ્ય, શુભાશુભ વિકલ્પ આદિ પૂર્વે મારા હતા ને હું તેનો હતો; મેં પૂર્વે વર્ષો પહેલાં ધંધો જમાવ્યો હતો તેથી અત્યારે ખૂબ પૈસા કમાઈએ છીએ—એમ પરદ્રવ્યો પૂર્વે મારા હતા ને હું પૂર્વે તેમનો હતો, એમ અનેક પરદ્રવ્યો તથા રાગાદિ પૂર્વે મારા હતા ને હું તેનો હતો, તથા ભવિષ્યમાં તેઓ મારા થશે અને ભવિષ્યમાં હું તેમનો થઈશ એવી જૂઠી માન્યતા અજ્ઞાની કરે છે—તે અજ્ઞાનીનું લક્ષણ જાણવું.

હવે પ્રતિબુદ્ધ-જ્ઞાનીનું લક્ષણ કહે છે : (જુઓ અનુસંધાન પેજ નં. ૧૬ ઉપર)

**જે પરમાત્મા તે જ હું, જે હું તે પરમાત્મ;**
**હું જ સેવ્ય મારા વડે, અન્ય સેવ્ય નહિ જાણ. ૩૧.** **–શ્રી સમાધિતંત્ર**



# વૈરાગ્ય–ભાવના

(શ્રી કાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન)

પ્રશ્ન : તમારી આ વાત માનતા ભગવાનની દિવ્યધ્વનિનું બહુમાન રહેતું નથી.

ઉત્તર : અરે ભાઈ ! જો આ સત્ય વાત સમજશે તેને જ દિવ્યધ્વનિનું સાચું બહુમાન આવશે. ભગવાનની દિવ્યધ્વનિમાં જ્ઞાનની પ્રત્યેક સમયની સ્વતંત્રતાની પ્રસિદ્ધિ કરી છે. તેના બદલે જે અજ્ઞાની જીવ એમ માને કે મારું જ્ઞાન, ભગવાનની વાણી ઈત્યાદિ પરમાંથી આવે છે, તે અજ્ઞાની જીવે ભગવાનની વાણીનો વિરોધ કર્યો છે. જેણે પોતાના જ્ઞાનસ્વભાવની સ્વતંત્રતા સ્વીકારી છે, તે જીવને ભગવાનની વાણીનું યથાર્થ બહુમાન આવશે જ કે અહાહા ! મારો જ્ઞાનસ્વભાવ સ્વાધીન છે, તેવો જ ભગવાનની વાણી પ્રસિદ્ધ કરે છે. આ પ્રકારે સ્વભાવના બહુમાનપૂર્વક નિમિત્તનું યથાર્થ વિવેક અને બહુમાન ધર્મીને આવ્યા વગર રહેતો નથી.

નૈયાયિક આદિ જીવને અને જ્ઞાનને પ્રદેશભેદ માનીને કહે છે કે આત્માથી જ્ઞાન ભિન્ન છે અને તે સમવાય તથા સંસર્ગમાં એક થયો છે, માટે જીવને જ્ઞાની કહે છે. જેમ કે ધનથી વ્યક્તિને ધનવાન કહે છે, તે પ્રમાણે જ્ઞાનના સંયોગથી જીવને જ્ઞાની કહે છે. નૈયાયિકોની આ માન્યતા અસત્ય છે. આત્મા અને જ્ઞાનને અગ્નિ અને ઉષ્ણતા સમાન અભેદભાવ છે અર્થાત્ તાદાત્મ્યભાવ છે.

ધન અને ધનવાન તો હમેશા અલગ જ છે પરંતુ જ્ઞાન અને જ્ઞાનવાન ભિન્ન નથી. ધન તો પરવસ્તુ છે. હકીકતમાં ધન જીવનું છે જ નહીં. જેમ ધન પ્રતિ મમતા કરવાવાળો જીવ તે સમયે મમત્વભાવથી અલગ નથી, તેવી જ રીતે જ્ઞાન અને જ્ઞાનવાન જીવ ક્યારેય અલગ નથી. જ્ઞાન અને આત્મા પહેલા ક્યારેક અલગ-અલગ હતા અને હવે એકમેક થઈને આત્મા જ્ઞાની થયો—એમ નથી. આત્મા અને જ્ઞાનને ધન અને ધનવાન જેવો સંબંધ નથી પરંતુ અગ્નિ અને ઉષ્ણતા સમાન એકમેકપણું છે. જેમ અગ્નિનો પોતાનો સ્વભાવ ઉષ્ણ છે, અગ્નિની ઉષ્ણતા કોઈ લાકડા કે ઘીના કારણે નથી, ઘી અને લાકડાની પર્યાયનો અગ્નિમાં અભાવ છે, આ પ્રકારે આત્માનો જ્ઞાનસ્વભાવ છે, તે પોતે

**વિષયમુક્ત થઈ મુજ થકી જ્ઞાનાત્મક મુજસ્થિત,**
**મુજને હું અવલંબું છું પરમાનંદરચિત. ૩૨. –શ્રી સમાધિતંત્ર**

જ જ્ઞાન છે કોઈ ઇન્દ્રિયો અને પુસ્તક આદિ નિમિત્તોને કારણે આત્માના જ્ઞાનમાં પરિણમન નથી.

સમ્યગ્દષ્ટિ ધર્મી જીવ વિચાર કરે છે કે આહાહા ! મારો જ્ઞાનસ્વભાવ મારામાં, મારાથી જ છે. બાહ્યક્ષેત્રથી મારું જ્ઞાન આવતું નથી. તથા બહારના વિવિધ પદાર્થોને કારણે મારા જ્ઞાનની વિવિધતા થતી નથી. જ્ઞાનનો સ્વતંત્ર સ્વભાવ જ તેવી વિવિધતારૂપ પરિણમિત થવાનો છે.

આત્મા એક તત્ત્વ છે. તત્ત્વ પોતાના સ્વભાવથી રહિત ન હોય. આત્મા જ્ઞાનસ્વભાવવાળું તત્ત્વ છે. તેના જ્ઞાનની અલ્પદશામાંથી પૂર્ણદશા થાય છે. તે જ્ઞાનના પોતાના સ્વભાવથી જ છે. જુઓ, અગ્નિમાં ઉષ્ણતા ક્યાંથી આવી ? ક્યાંય બહારથી નથી આવી પરંતુ અગ્નિ પોતે જ ઉષ્ણતાનો પિંડ છે. આ પ્રકારે આત્માનું જ્ઞાન ક્યાંથી આવ્યું ? બહારથી નથી આવ્યું પરંતુ આત્મા પોતે જ જ્ઞાનસ્વભાવનો પિંડ છે. અહાહા ! આવા સ્વભાવની પ્રતીતિ કરવાથી નિમિત્તના આશ્રયની બુદ્ધિનો અભાવ થઈ જાય છે. રાગમાં એકત્વબુદ્ધિનો નાશ થઈ જાય છે. હું પર્યાય જેટલો છું—એવી પર્યાયબુદ્ધિનો અભાવ થઈ જાય છે અને ત્રિકાળી દ્રવ્યસ્વભાવની દૃષ્ટિ થાય છે તથા તેની સન્મુખતાથી ધર્મ થાય છે.

જુઓ પહેલા આત્માના આકારની સ્વાધીનતા બતાવી હતી, આત્માના પ્રદેશોમાં સંકોચ-વિસ્તારની શક્તિ છે તે બીજાના કારણે નથી. સિદ્ધ ભગવાનનો સંકોચ-વિસ્તાર તે પોતાના કારણે છે, હવે તેમને સંકોચ-વિસ્તારની યોગ્યતા રહી નથી. આ પ્રમાણે ક્ષેત્રથી સ્વાધીનતા બતાવવામાં આવી. હવે અહીં ભાવથી સ્વાધીનતા બતાવે છે કે આત્માનો ત્રિકાળી જ્ઞાનસ્વભાવ પોતાથી જ છે અને તેની પ્રતિસમયની વર્તમાનદશા પોતાથી જ છે.

કોઈ જીવ ભલે તત્ત્વાભ્યાસ કરે, મંદ રાગ કરે, વ્રતાદિ ધારણ કરે પરંતુ જો તેને અંતરંગમાં પ્રતિસમયની પર્યાયોની સ્વાધીનતાનો વિશ્વાસ ન હોય તો તે જીવને ત્રિકાળી સ્વાધીનતત્ત્વની પ્રતીતિ થતી નથી અને એવા જીવનું કલ્યાણ પણ થતું નથી. જેણે એક સમયની અવસ્થા પરથી થતી માની છે તેણે ત્રણેકાળની અવસ્થાઓ પરથી થાય છે તેમ માન્યું છે. હકીકત એમ છે કે તેણે ત્રિકાળી તત્ત્વને જ પરાધીન માન્યું છે. તે જીવ મિથ્યાદૃષ્ટિ છે. તેને ધર્મ નથી થતો. માટે અહીં કહ્યું કે જ્ઞાન અને આત્માના પ્રદેશભેદ નથી. આત્મા અને જ્ઞાન અભેદ છે. આત્મા પોતે જ જ્ઞાનસ્વભાવી છે, તેનું જ્ઞાન પરથી થતું નથી—એવી સમજણ કરીને વર્તમાનદશા સ્વભાવમાં અંતર્મુખ કરીને, ભેદજ્ઞાન અને વીતરાગતારૂપ ધર્મ પ્રગટ થાય છે. (ક્રમશઃ) ❊

# સ્વતંત્રતાની ઘોષણા

(ચાર બોલથી સ્વતંત્રતાની ઘોષણા કરતાં ખાસ પ્રવચન)

સર્વજ્ઞભગવંતો દિવ્યધ્વનિથી આવું તત્ત્વ કહેતા આવ્યા છે.—એમ વ્યવહાર કરવામાં આવે છે. બાકી દિવ્યધ્વનિ તો પરમાણુના આશ્રયે છે.

કોઈ કહે—અરે, દિવ્યધ્વનિ પણ પરમાણુના આશ્રયે?

હા, ભાઈ! દિવ્યધ્વનિ એ પુદ્ગલપરિણામ છે, ને તે પુદ્ગલપરિણામનો આધાર તો પુદ્ગલદ્રવ્ય જ હોય, જીવ તેનો આધાર ન હોય. ભગવાનનો આત્મા તો પોતાના કેવળજ્ઞાનાદિકનો આધાર છે. ભગવાનનો આત્મા તો કેવળજ્ઞાન-દર્શન-સુખ વગેરે નિજ પરિણામરૂપે પરિણમે છે, પણ કાંઈ દેહ કે વાણીની અવસ્થારૂપે ભગવાનનો આત્મા પરિણમતો નથી, તે રૂપે તો પુદ્ગલો જ પરિણમે છે. પરિણામ પરિણામીના જ હોય છે, બીજાના નહિ.

ભગવાનની સર્વજ્ઞતાના આધારે દિવ્યધ્વનિના પરિણામ થયા—એમ વસ્તુસ્વરૂપ નથી. ભાષાપરિણામ અનંત પુદ્ગલોના આશ્રયે છે, ને સર્વજ્ઞતા વગેરે પરિણામ જીવના આશ્રયે છે; આમ બંનેની ભિન્નતા છે, કોઈ કોઈનું કર્તા કે આધાર નથી.

જુઓ, આ ભગવાન આત્માની પોતાની વાત છે. નહિ સમજાય એમ ન માની લેવું, અંદર લક્ષ કરે તો સમજાય તેવું સહેલું છે. જુઓ, લક્ષમાં લ્યો કે અંદર કંઈક વસ્તુ છે કે નહિ? અને આ જે જાણવાના કે રાગાદિના ભાવ થાય છે તે ભાવનો કર્તા કોણ છે? આત્મા પોતે જ તેને કરે છે.—આમ આત્માને લક્ષમાં લેવામાં બીજા ભણતરની ક્યાં જરૂર છે? જગતના ઢસરડા કરીને દુઃખી થાય છે એના કરતાં આ વસ્તુસ્વભાવને સમજે તો કલ્યાણ થાય. અરે જીવ! આવા સરસ ન્યાયથી સંતોએ વસ્તુસ્વરૂપ સમજાવ્યું છે તે વસ્તુસ્વરૂપને તું સમજ.

વસ્તુસ્વરૂપના બે બોલ થયા; હવે ત્રીજો બોલ—

(૩) કર્તા વગર કર્મ હોતું નથી.

કર્તા એટલે પરિણમનારી વસ્તુ, ને કર્મ એટલે તેની અવસ્થારૂપ કાર્ય; કર્તા વગરનું કર્મ હોતું નથી એટલે વસ્તુ વગરની પર્યાય હોતી નથી; સર્વથા શૂન્યમાંથી કોઈ કાર્ય ઉત્પન્ન થઈ જાય એમ બનતું નથી.

**એમ ન જાણે દેહથી ભિન્ન જીવ અવિનાશ;**
**તે તપતાં તપ ઘોર પણ, પામે નહિ [૫]શિવવાસ. ૩૩.** —શ્રી સમાધિતંત્ર

જુઓ, આ વસ્તુવિજ્ઞાનના મહા સિદ્ધાન્તો! આ ૨૧૧ મા કળશમાં ચાર બોલ વડે ચારે પડખેથી સ્વતંત્રતા સિદ્ધ કરી છે. વિદેશના અજ્ઞાનના ભણતર પાછળ હેરાન થાય છે એના કરતાં સર્વજ્ઞદેવે કહેલું આ પરમ સત્ય વીતરાગી વિજ્ઞાન સમજે તો અપૂર્વ કલ્યાણ થાય.

(૧) પરિણામ તે કર્મ; આ એક વાત.

(૨) તે પરિણામ કોનું? કે પરિણામી વસ્તુનું પરિણામ છે, બીજાનું નહિ, એ બીજો બોલ, તેનો ઘણો વિસ્તાર કર્યો.

હવે આ ત્રીજા બોલમાં કહે છે કે પરિણામી વગર પરિણામ હોય નહિ. પરિણામી વસ્તુથી જુદા બીજે ક્યાંક પરિણામ થાય એમ બને નહિ. પરિણામી વસ્તુમાં જ તેનાં પરિણામ થાય છે, એટલે પરિણામી વસ્તુ તે કર્તા છે, તેના વગર કાર્ય હોતું નથી. જુઓ, આમાં નિમિત્ત વગર કાર્ય ન હોય—એમ ન કહ્યું. નિમિત્ત નિમિત્તમાં રહ્યું, તે કાંઈ આ કાર્યમાં આવી જતું નથી. માટે નિમિત્ત વિનાનું કાર્ય છે પણ પરિણામી વગરનું કાર્ય હોય નહિ. નિમિત્ત ભલે હોય, પણ તેનું અસ્તિત્વ તે નિમિત્તમાં છે. આમાં તેનું અસ્તિત્વ નથી. પરિણામી વસ્તુની સત્તામાં જ તેનું કાર્ય થાય છે. આત્મા વિના સમ્યક્ત્વાદિ પરિણામ ન હોય. પોતાના બધા પરિણામનો આત્મા કર્તા છે, તેના વગર કર્મ ન હોય. —कर्म कर्तृशून्यं न भवति। દરેક પદાર્થની અવસ્થા તે પદાર્થ વગર હોતી નથી. સોનું નથી ને ઘરેણાં બની ગયાં, વસ્તુ નથી ને અવસ્થા થઈ ગઈ—એમ બને નહિ. અવસ્થા છે તે ત્રિકાળી વસ્તુને જાહેર કરે છે—પ્રસિદ્ધ કરે છે કે આ અવસ્થા આ વસ્તુની છે.

જેમકે—જડકર્મરૂપે પુદ્‌ગલો થાય છે, તે કર્મપરિણામ કર્તા વગર ન હોય. હવે તેનો કર્તા કોણ? કે તે પુદ્‌ગલકર્મરૂપે પરિણમનારા રજકણો જ કર્તા છે; આત્મા તેનો કર્તા નથી.

આત્મા કર્તા થઈને જડકર્મને બાંધે—એવું વસ્તુસ્વરૂપમાં નથી.

જડકર્મ આત્માને વિકાર કરાવે—એવું વસ્તુસ્વરૂપમાં નથી.

મંદકષાયના પરિણામ સમ્યક્ત્વનો આધાર થાય—એવું વસ્તુસ્વરૂપમાં નથી.

શુભરાગથી ક્ષાયિક સમ્યક્ત્વ થાય—એવું વસ્તુસ્વરૂપમાં નથી.

છતાં અજ્ઞાની એમ માને છે, એ તો બધા ઊંધા અન્યાય છે, ભાઈ, તારા એ

આતમ-દેહવિભાગથી ઊપજ્યો જ્યાં આહ્‌લાદ,<br>
તપથી દુષ્કૃત ઘોરને વેદે પણ નહિ તાપ. ૩૪. –શ્રી સમાધિતંત્ર

અન્યાય વસ્તુસ્વરૂપમાં સહન નહિ થાય. વસ્તુસ્વરૂપને વિપરીત માનતાં તારા આત્માને બહુ દુઃખ થશે. —એમ સંતોને કરુણા આવે છે. સંતો નથી ઇચ્છતા કે કોઈ જીવને દુઃખ થાય. જગતમાં બધા જીવો સત્ય સ્વરૂપ સમજે ને દુઃખથી છૂટીને સુખ પામે એવી તેમની ભાવના છે.

ભાઈ! તારા સમ્યગ્દર્શનનું આધાર તારું આત્મદ્રવ્ય છે, શુભરાગ કાંઈ તેનો આધાર નથી. મંદરાગ તે કર્તા ને સમ્યગ્દર્શન તેનું કાર્ય—એમ ત્રણકાળમાં નથી. વસ્તુનું જે સ્વરૂપ છે તે ત્રણકાળમાં આઘુંપાછું નહિ ફરે. કોઈ જીવ અજ્ઞાનથી એને વિપરીત માને તેથી કાંઈ સત્ય ફરી ન જાય. કોઈ સમજે કે ન સમજે, સત્ય તો સદા સત્યરૂપે જ રહેશે, તે કદી ફરશે નહિ. જેમ છે તેમ તેને જે સમજશે તે પોતાનું કલ્યાણ કરી જશે. અને ન સમજે એની શી વાત? એ તો સંસારમાં રખડી જ રહ્યા છે.

‘જુઓ, વાણી સાંભળી માટે જ્ઞાન થાય છે ને? પણ સોનગઢવાળા ના પાડે છે કે વાણીના આધારે જ્ઞાન ન થાય’ આમ કહીને કેટલાક કટાક્ષ કરે છે; પણ બાપુ, એ તો વસ્તુસ્વરૂપ છે. ત્રણલોકના નાથ સર્વજ્ઞ પરમાત્મા પણ દિવ્યધ્વનિમાં એમ જ કહે છે કે જ્ઞાન આત્માના આશ્રયે થાય છે, જ્ઞાન તે આત્માનું કાર્ય છે, દિવ્યધ્વનિના પરમાણુનું તે કાર્ય નથી. જ્ઞાનકાર્યનો કર્તા આત્મા છે,—નહિ કે વાણીના રજકણો. જે પદાર્થના જે ગુણોનું જે વર્તમાન હોય તે બીજા પદાર્થના કે બીજા ગુણના આશ્રયે હોતું નથી તેનો કર્તા કોણ? કે વસ્તુ પોતે. કર્તા અને તેનું કાર્ય બંને એક જ વસ્તુમાં હોવાનો નિયમ છે, તે ભિન્ન વસ્તુમાં હોતાં નથી.

આ લાકડી ઊંચી થઈ તે કાર્ય; તે કોનું કાર્ય? કર્તાનું કાર્ય; કર્તા વગર કાર્ય ન હોય. કર્તા કોણ? લાકડીની આ અવસ્થાના કર્તા લાકડીના રજકણો જ છે, આ હાથ, આંગળી કે ઇચ્છા તેના કર્તા નથી. (ક્રમશઃ) ❊

---

જો જીવ પરદ્રવ્યમેં રત હૈ, રાગી હૈ, વહ તો અનેક પ્રકારકે કર્મોંસે બંધતા હૈ કર્મોંકા બંધ કરતા હૈ ઔર જો પરદ્રવ્યસે વિરત હૈ—રાગી નહીં હૈ, વહ અનેક પ્રકારકે કર્મોંસે છૂટતા હૈ, યહ બંધકા ઔર મોક્ષકા સંક્ષેપમેં જિનદેવકા ઉપદેશ હૈ. (શ્રી કુંદકુંદાચાર્ય, મોક્ષપાહુડ, ગાથા-૧૩)

**રાગાદિક-કલ્લોલથી મન-જળ લોલ ન થાય,**
**તે દેખે ચિદ્તત્ત્વને, અન્ય જને ન જણાય. ૩૫.** **–શ્રી સમાધિતંત્ર**



## અનુભવપ્રકાશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન

જડ અને પુણ્ય-પાપની ક્રિયાથી આત્મા મળશે નહિ. જ્ઞાનાનંદને ચૂકીને પુણ્ય-પાપને લાભદાયક માને છે તે ભૂલ છે. તે ભૂલ ન છોડે તો આખી દુનિયામાં પોતાની હાંસી પોતે જ કરાવે છે. જુઓ ! આ આત્મા અનંતજ્ઞાનનો ધણી છે, પોતે પોતાને ભૂલી દુઃખને પામે છે. જગતમાં હાંસીથી જીવ શરમિંદો થાય છે. અરેરે ! મેં આ શું કર્યું—એમ વિચારી ફરીથી હાંસીનું કામ ન કરે; તેમ ચોરાશીના અવતાર ધારણ કરવાથી આ જીવની હાંસી થઈ રહી છે. આત્માને શેઠ કહેવો તે ગાળ દીધા બરાબર છે. રાજાસાહેબ, નેકનામદાર વગેરેથી આત્માને ઓળખાવવો તે મશ્કરી સમાન છે. ''જગતમાં આવું કોઈ દાન ન આપે, તમોએ એક રકમે પચીસ લાખનું દાન આપી રેકર્ડ તોડ્યો.'—એમ કહી જડનો ધણી બનાવી હાંસી કરે છે. જગતમાં દ્રવ્યો પોતપોતાને કારણે પરિણમે છે, છતાં અજ્ઞાની કહે કે મારાથી આ કામ થયાં તેમ માનવું ને કહેવું તેથી હાંસી થાય છે. અનાદિથી હાંસી થઈ રહી છે. મનુષ્યદેહ મળવા છતાં પોતાના આત્માની સંભાળ ન કરી. ''ઘરનાં છોકરાં ઘંટી ચાટે ને પાડોશીને આટો''ની જેમ આત્માનું કલ્યાણ ન કરે ને જગતનું કલ્યાણ કરવા માટે રાગ કરે, રાગની રુચિ કરે છે. પોતે જ્ઞાનાનંદ હોવા છતાં રાગને ભલો માનવો તે હાંસી સમાન છે, છતાં લાજ ધરતો નથી. ફરી ફરીને એ જ જૂઠી રીતને પકડે છે. જે જે શરીર ધારણ કર્યા તેમાં રુચિ કરીને જે જે પ્રકારનો રાગ કર્યો તેમાં રુચિ કરી છે ને હાંસી થઈ રહી છે, છતાં લાજ ધરતો નથી. ફરી ફરી એની એ જ જૂઠી વાતને પકડી છે.

તારા જ્ઞાનમાં ખોડખાંપણ નથી. એવું તારું પદ છે. 'આંબલીનું નામ લેતાં મોઢામાં પાણી આવે', 'લાડવા બનાવવાની વિધિ બતાવે ત્યાં મોઢામાં પાણી આવે', તેમ અહીં કહે છે કે તારા મલાવા કર્યે તને આનંદ આવે એવી તું ચીજ છો. કથા-વાર્તામાં એમ આવે કે....લક્ષ્મણે રાવણને માર્યો, ત્યાં લક્ષ્મણનું નામ સાંભળતા ઉમળકો આવે છે, તેમ અહીં તારા આત્માની વાત સાંભળતાં ને કહેતાં આત્મબળ અને આનંદ ઊછળે એમ છે. એની વાત કરતાં અનુપમ આનંદ આવે એવું પદ છે.

**અવિક્ષિપ્ત મન તત્ત્વ નિજ, ભ્રમ છે મન વિક્ષિપ્ત;**
**અવિક્ષિપ્ત મનને ધરો, ધરો ન મન વિક્ષિપ્ત. ૩૬.** —શ્રી સમાધિતંત્ર

तत्प्रति प्रीतिचित्तेन येन वार्तापि हि श्रुता ।
निश्चितं स भवेद्भव्यो भावि निर्वाण-भाजनम् ।। (પદ્મનંદિપંચવિંશતિકા)

જે જીવે પ્રસન્ન ચિત્તથી આ ચૈતન્યસ્વરૂપ આત્માની વાત પણ સાંભળી છે, તે ભવ્ય પુરુષ ભવિષ્યમાં થનારી મુક્તિનું અવશ્ય ભાજન થાય છે. શરીર, મન, વાણી ને પુણ્ય-પાપ વિનાનો આત્મા જ્ઞાયક છે, એવી વાત સ્વલક્ષે સાંભળે તો આનંદ આવે એમ છે.

ચિદાનંદ ભગવાન તું છો, આ શરીર તું નથી. તારા પદને તું ગ્રહણ કરતો નથી ને પર વસ્તુ તરફ રુચિ કરે છે, ચોરાશીનું બંદીખાનું છે તેને ઘણી રુચિપૂર્વક સેવે છે. ''બહુ વ્યવહાર કરીએ તો કલ્યાણ થઈ જાય.'' એમ વિકારની વાતો હોંશથી સાંભળે પણ આત્માની વાતમાં રસ આવતો નથી.

આત્માનું સાધન દ્રવ્ય પોતે છે, તેવા સાધનને પકડે તો શુભ રાગને વ્યવહાર કહેવાય છે. પ્રથમ શુભરાગની ભૂમિકામાં એમ જ જાણ્યું હતું કે જ્ઞાનસ્વભાવને પકડવાથી ધર્મ થશે, ભગવાને આનંદસ્વરૂપમાં લીનતા કરી હતી તે તપશ્ચર્યા છે ને લીનતા થતાં ઈચ્છા થઈ નહિ ને રોટલાને જોગ તેટલો કાળ ન હતો. આત્માના ભાન વિના લોકો ઉપવાસ કરી ધર્મ માને તો તેમાં ધર્મ છે જ નહિ.

લોકો પરની રુચિ કરે છે. પરની પ્રીતિ કરવી તે ચોરાશીનું બંદીખાનું છે. પાંચ લાખ પેદા કેમ થાય તેની વાત નિદ્રા ટાણે કોઈ કહે તો નિદ્રા ન આવે. આમ સંસારમાં રખડવાની વાત રુચિથી સાંભળે પણ આત્માની વાત પ્રેમથી સાંભળે નહિ. એવી હઠ રીતિને પકડી ચિદાનંદથી વિપરીત રૂપને અનુપમ માને છે ને પુણ્ય પરિણામને મીઠા માને છે તે ધર્મનો વોળાવિયો છે. તે એમ વિપરીત માને છે. વ્યવહારરત્નત્રય ને દયા-દાનાદિના પરિણામને અનુપમ માને છે, વ્યવહાર કરી કરીને હરખ માને છે, પણ સ્વભાવ રાગરહિત છે તેને માનતો નથી. જેમ સર્પને હાર જાણી તેમાં હાથ નાખે તો દુઃખ જ થાય, તેમ પરની રુચિ તથા વિકારની રુચિ કરવાથી દુઃખ જ થાય. વિકારભાવ ઝેર છે, તેનું રુચિપૂર્વક સેવન કરવાથી સંસાર થાય, તેમાં સુખ નથી, દુઃખ જ થાય.

જેમ એક નજરબંધીવાળો માણસ એક નગરમાં એક રાજા પાસે આવીને રહ્યો. કેટલાક દિવસ પછી રાજા મરણ પામ્યો. તે માણસે રાજાને મર્યો ન જણાવી, તેણે રાજાને ઘણો ઊંડો દાટી ઉપર માટી દાબી, બીજાને ખબર ન પડે તે જગ્યા બનાવી, પછી

> અજ્ઞાનજ સંસ્કારથી મન વિક્ષેપિત થાય;
> જ્ઞાનજ સંસ્કારે સ્વતઃ તત્ત્વ વિષે સ્થિર થાય. ૩૭. –શ્રી સમાધિતંત્ર

નજરબંધી વડે કાષ્ઠના રાજાને દરબારમાં બેસાડ્યો, તેથી નજરબંધીથી બધાને તે સાચો લાગ્યો. જ્યારે કોઈ રાજાને પૂછે ત્યારે તે નજરબંધી માણસ જવાબ આપે, અને લોક જાણે કે રાજા બોલે છે. એવું ચરિત્ર નજરબંધીથી તેણે કર્યું. ત્યાં એક મનુષ્ય જંગલની બુટ્ટી માથા ઉપર ટાંગી આવ્યો. તે બુટ્ટીના બળથી તેની દૃષ્ટિ બંધાણી નહીં, ત્યારે તે મનુષ્ય લોકોને કહેવા લાગ્યો કે અરે, કુબુદ્ધિજનો ! આ કાષ્ટનું પૂતળું પ્રત્યક્ષ દેખાય છે, છતાં તમે તેને સાચો રાજા જાણી સેવો છો ! ધિક્કાર છે....તમારી એવી સમજણને ! તેમ આ સર્વ સંસારી જીવોની દૃષ્ટિ ઊંધી માન્યતાથી બંધાણી છે. પરમાં સાવધાની કરી તેને સેવે છે. ભગવાનની પ્રતિમાની સેવા કરશું તો કલ્યાણ થશે—એમ માને છે. ભગવાન આત્મા પોતે છે, તેને છોડી પરની સેવા કરે ને ધર્મ માની તેને સેવે છે. પરમાં ચેતનનો અંશ નથી, સાક્ષાત્ ભગવાનમાં પણ પોતાનો અંશ નથી. હું જ્ઞાતા-દ્રષ્ટા છું—એવું બુટ્ટી રૂપી જ્ઞાન જેણે પ્રગટ કર્યું તે જાણે છે કે શરીર, વિકાર, પુણ્ય-પાપ વગેરે બધું અચેતન છે. તેમાં પોતાપણું સંસારી કુબુદ્ધિ માને છે ને દુઃખને સેવે છે. તે સમજણને ધિક્કાર છે ! જૂઠું માની દુઃખદાયક હઠને સુખદાયક જાણી સેવે છે, પણ તેને સુખ થાય નહિ.

(ક્રમશઃ) ❋

(અનુસંધાન પેજ નં. ૮ થી ચાલુ) (સમયસાર)

જેમ કોઈ પુરુષ અગ્નિ અને ઈન્ધનને સાથે દેખવા છતાં અગ્નિ તે અગ્નિસ્વરૂપે જ છે ને ઈન્ધન તે ઈન્ધન સ્વરૂપે જ છે. અગ્નિ ઈન્ધનનો નથી ને ઈન્ધન અગ્નિનું નથી; પૂર્વે પણ અગ્નિ તો અગ્નિરૂપે જ હતો ને ઈન્ધન તે ઈન્ધનરૂપે જ હતું, તથા ભવિષ્યમાં પણ અગ્નિ તો અગ્નિરૂપે જ હશે ને ઈન્ધન તે ઈન્ધનરૂપે જ રહેશે,—તેમ માનનાર લોકદૃષ્ટિમાં ડાહ્યો પુરુષ ગણાય છે.

તેમ હું ત્રણેકાળ સર્વજ્ઞસ્વભાવી જ છું. રાગથી માંડીને સર્વ જ્ઞેયોને હું જાણું છું પણ તે રૂપે થયો જ નથી, તે રૂપે થયો જ ન હતો ને તે રૂપે નહીં જ થઉં. હું સર્વને જાણું ખરો પણ સર્વમાં મારું જરીયે કાંઈ નથી તે હું પણ જરીયે તેમનો નથી. હું તો હું જ છું, સર્વજ્ઞસ્વભાવી જ છું ને પરદ્રવ્યો તે પરદ્રવ્યો જ છે. દયા-દાન આદિનો વ્યવહાર વિકલ્પ તે મારો નથી, પણ તે સંબંધીનું જ્ઞાન તે હું છું. એ રીતે સર્વ પરદ્રવ્યોથી ભેદજ્ઞાનપૂર્વક એક જ્ઞાયકભાવમાં પોતાનું અસ્તિત્વ માનતો તે પુરુષ જ્ઞાની છે એમ જાણવું. (ક્રમશઃ)

**અપમાનાદિક તેહને, જસ મનને વિક્ષેપ;**<br>
**અપમાનાદિ ન તેહને, જસ મન નહિ વિક્ષેપ. ૩૮.** **–શ્રી સમાધિતંત્ર**

# જિજ્ઞાસુએ ધર્મ કેવી રીતે કરવો ?

## સમ્યગ્દર્શનનું સ્વરૂપ અને તે કેમ પ્રગટે ?

**(૭) સમ્યગ્દર્શન એ જ શાંતિનો ઉપાય છે.**

અનાદિથી આત્માના અખંડ રસને સમ્યગ્દર્શન વડે જાણ્યો નથી એટલે પરમાં અને વિકલ્પમાં જીવ રસ માની રહ્યો છે. પણ હે જીવ! હું અખંડ એકરૂપ સ્વભાવ છું, તેમાં જ મારો રસ છે, પરમાં ક્યાંય મારો રસ નથી—એમ સ્વભાવદૃષ્ટિના જોરે એકવાર બધાને નિરસ બનાવી દે. શુભવિકલ્પ ઊઠે તે પણ મારી શાંતિનું સાધન નથી, મારી શાંતિ મારા સ્વરૂપમાં છે, આમ સ્વરૂપના રસના અનુભવમાં સમસ્ત સંસારને નિરસ બનાવી દે,—એમ કરવાથી તને સહજાનંદ સ્વરૂપના અમૃતરસની અપૂર્વ શાંતિનો અનુભવ પ્રગટ થશે. તેનો ઉપાય સમ્યગ્દર્શન જ છે.

**(૮) સંસારનો અભાવ સમ્યગ્દર્શનથી જ થાય છે.**

અનંતકાળથી અનંત જીવો સંસારમાં રખડે છે અને અનંતકાળમાં અનંત જીવો સમ્યગ્દર્શન વડે પૂર્ણ સ્વરૂપનું ભાન કરીને મુક્તિ પામ્યા છે. જીવોએ સંસારપક્ષ તો અનાદિથી ગ્રહણ કર્યો છે, પરંતુ સિદ્ધનો પક્ષ કદી ગ્રહણ કર્યો નથી. હવે સિદ્ધનો પક્ષ કરીને, પોતાના સિદ્ધસ્વરૂપને જાણીને તેના આશ્રયે સંસારનો અભાવ કરવાના ટાણાં આવ્યાં છે અને તેનો ઉપાય એક માત્ર સમ્યગ્દર્શન જ છે.

## ધર્માત્માની સ્વરૂપ જાગૃતિ

સમ્યગ્દૃષ્ટિ જીવને તો સદાય સ્વરૂપ જાગૃતિ વર્તતી હોય છે. સમ્યગ્દર્શન થયા પછી ગમે તેવા પ્રસંગમાં વર્તતા હોવા છતાં તે જીવને સ્વરૂપની અનાકુળતાનું અંશે વેદન તો થયા જ કરે છે; કોઈ પણ પ્રસંગમાં પરિણામનો વેગ એવો નથી હોતો કે જેથી નિરાકુળસ્વભાવના વેદનને તદ્દન ઢાંકીને એકલી આકુળતાનું જ વેદન રહે, સમ્યગ્દૃષ્ટિને પ્રતિક્ષણે નિરાકુળસ્વભાવ અને આકુળતા વચ્ચે ભેદજ્ઞાન વર્તે છે અને તેના ફળરૂપે પ્રતિક્ષણે નિરાકુળસ્વરૂપનું અંશે વેદન તેઓ કરે છે. આવું ચોથા ગુણસ્થાને વર્તતા ધર્માત્માનું સ્વરૂપ છે. બહારની ક્રિયા ઉપરથી સ્વરૂપજાગૃતિનું માપ કાઢી શકાતું નથી.

**યોગીજનને મોહથી રાગદ્વેષ જો થાય;**
**સ્વસ્થ નિજાત્મા ભાવવો, ક્ષણભરમાં શમી જાય. ૩૯.** **–શ્રી સમાધિતંત્ર**

શરીરથી શાંત બેઠો હોય તો જ અનાકુળતા કહેવાય અને લડાઈ કરતા દેખાય તે વખતે અનાકુળતા જરાય હોઈ જ ન શકે—એમ નથી. અજ્ઞાની જીવ બહારથી શાંત બેઠેલો દેખાય છતાં અંતરમાં તો તે વિકારમાં જ તન્મય વર્તતો હોવાથી એકાંતપણે આકુળતા જ ભોગવે છે, તેને સ્વરૂપજાગૃતિ જરાય નથી. અને જ્ઞાની જીવો લડાઈ વખતે પણ અંતરમાં તે વિકારભાવ સાથે તન્મયપણે વર્તતા નથી, તેથી તે વખતે પણ તેમને અંશે આકુળતારહિત શાંતિનું વેદન હોય છે—એટલી સ્વરૂપજાગૃતિ તો ધર્માત્માને વર્તતી જ હોય છે. આવી સ્વરૂપ-જાગૃતિ તે ધર્મ છે, બીજો કોઈ ધર્મ નથી.

## હે ભવ્ય ! આટલું તો જરૂર કરજે

આચાર્યદેવ સમ્યગ્દર્શન ઉપર ખાસ ભાર મૂકીને કહે છે કે હે ભાઈ, તારાથી વિશેષ ન થાય તોપણ ઓછામાં ઓછું તું સમ્યગ્દર્શન તો અવશ્ય રાખજે. જો એનાથી તું ભ્રષ્ટ થઈશ તો કોઈ રીતે તારું કલ્યાણ થવાનું નથી. ચારિત્ર કરતાં સમ્યગ્દર્શનમાં અલ્પ પુરુષાર્થ છે. માટે તું એ સમ્યગ્દર્શન તો અવશ્ય કરજે. સમ્યગ્દર્શનનો એવો સ્વભાવ છે કે જે જીવ તેને ધારણ કરે તે જીવ ક્રમે ક્રમે શુદ્ધતા વધારીને અલ્પકાળે મુક્તદશા પ્રગટ કરે છે, જીવને તે લાંબો કાળ સંસારમાં રહેવા દેતું નથી. આત્મકલ્યાણનું મૂળ કારણ સમ્યગ્દર્શન છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની એકતા તે પૂર્ણ મોક્ષમાર્ગ છે. હે ભાઈ ! જો તારાથી સમ્યગ્દર્શનપૂર્વક રાગ છોડીને ચારિત્રદશા પ્રગટ થઈ શકે તો તે ઉત્તમ છે અને એ જ કરવાયોગ્ય છે; પણ જો તારાથી ચારિત્રદશા પ્રગટ ન થઈ શકે તો છેવટમાં છેવટ આત્મસ્વભાવની યથાર્થ શ્રદ્ધા તો જરૂર કરજે. એ શ્રદ્ધામાત્રથી પણ અવશ્ય તારું કલ્યાણ થશે.

સમ્યગ્દર્શનમાત્રથી પણ તારું આરાધકપણું ચાલું રહેશે. વીતરાગદેવે કહેલા વ્યવહારની લાગણી ઊઠે તેને પણ બંધન માનજે. પર્યાયમાં રાગ થાય છતાં એમ પ્રતીત રાખજે કે રાગ મારો સ્વભાવ નથી અને એ રાગ વડે મને ધર્મ નથી. આમ રાગરહિત સ્વભાવની શ્રદ્ધાપૂર્વક જો રાગરહિત ચારિત્રદશા થઈ શકે તો તે પ્રગટ કરીને સ્વરૂપમાં ઠરી જજે; પણ જો તેમ ન થઈ શકે અને રાગ રહી જાય તો તે રાગને મોક્ષનો હેતુ ન માનીશ, રાગથી ભિન્ન તારા ચૈતન્યસ્વભાવની શ્રદ્ધા રાખજે.

કોઈ એમ માને કે પર્યાયમાં રાગ હોય ત્યાં સુધી રાગરહિત સ્વભાવની શ્રદ્ધા કેમ

> તનમાં મુનિને પ્રેમ જો, ત્યાંથી કરી વિયુક્ત,
> શ્રેષ્ઠ તને જીવ જોડવો, થશે પ્રેમથી મુક્ત. ૪૦. –શ્રી સમાધિતંત્ર

થઈ શકે? પહેલાં રાગ ટળી જાય પછી રાગ રહિત સ્વભાવની શ્રદ્ધા થાય. એ રીતે જે જીવ રાગને જ પોતાનું સ્વરૂપ માનીને સમ્યક્શ્રદ્ધા પણ કરતો નથી તેને આચાર્ય ભગવાન કહે છે કે હે જીવ! તું પર્યાયદૃષ્ટિથી રાગને તારું સ્વરૂપ માની રહ્યો છે; પણ પર્યાયમાં રાગ હોવા છતાં તું પર્યાયદૃષ્ટિ છોડીને સ્વભાવદૃષ્ટિથી જો, તો તારા રાગરહિત સ્વરૂપનો તને અનુભવ થાય; જે વખતે ક્ષણિક પર્યાયમાં રાગ છે તે વખતે જ રાગરહિત ત્રિકાળી સ્વભાવ છે. તે સ્વભાવની તું પ્રતીતિ રાખજે. એ પ્રતીતિના જોરે રાગ અલ્પકાળે ટળી જશે, પણ એ પ્રતીતિ વગર રાગ ટળવાનો નથી.

'પહેલાં રાગ ટળી જાય તો હું રાગરહિત સ્વભાવની શ્રદ્ધા કરું'—એમ નહિ. પણ આચાર્યદેવ કહે છે કે પહેલાં તું રાગરહિત સ્વભાવની શ્રદ્ધા કર તો તે સ્વભાવની એકાગ્રતા વડે રાગ ટળે. 'રાગ ટળે તો શુદ્ધાત્માની શ્રદ્ધા કરું, એટલે કે પર્યાય સુધરે તો દ્રવ્યને માનું' એવી જેની માન્યતા છે તે જીવ પર્યાયદૃષ્ટિ છે—પર્યાયમૂઢ છે, તેને સ્વભાવદૃષ્ટિ નથી, અને તે મોક્ષમાર્ગના ક્રમને જાણતો નથી; કેમકે તે સમ્યક્શ્રદ્ધા પહેલાં સમ્યક્ચારિત્રને ઇચ્છે છે. 'રાગ રહિત સ્વભાવની પ્રતીતિ કરું, તો રાગ ટળે' એવા અભિપ્રાયમાં દ્રવ્યદૃષ્ટિ છે અને દ્રવ્યદૃષ્ટિના જોરે પર્યાયમાં નિર્મળતા પ્રગટે છે. મારો સ્વભાવ રાગ રહિત છે એવા વીતરાગી અભિપ્રાયપૂર્વક (સ્વભાવના લક્ષે અર્થાત્ દ્રવ્યદૃષ્ટિથી) જે પરિણમન થયું તેમાં ક્ષણે ક્ષણે રાગ તૂટતો જાય છે, અને રાગનો અલ્પકાળે નાશ થાય છે; એ સમ્યગ્દર્શનનો મહિમા છે. પણ જો પર્યાયદૃષ્ટિ જ રાખીને પોતાને રાગવાળો માની લ્યે તો રાગ ટળે કઈ રીતે? 'હું રાગી છું' એવા રાગીપણાના અભિપ્રાયપૂર્વક (વિકારના લક્ષે અર્થાત્ પર્યાયદૃષ્ટિથી) જે પરિણમન થાય તેમાં તો રાગની જ ઉત્પત્તિ થયા કરે, પણ રાગ ટળે નહિ. તેથી પર્યાયમાં રાગ હોવા છતાં તે જ વખતે પર્યાયદૃષ્ટિ છોડીને સ્વભાવદૃષ્ટિથી રાગરહિત ચૈતન્યસ્વભાવની શ્રદ્ધા કરવાનું આચાર્ય ભગવાન જણાવે છે; અને એ જ મોક્ષમાર્ગનો ક્રમ છે.


આત્માર્થીનું પહેલું કર્તવ્ય એ છે કે પર્યાયમાં રાગ ન છૂટી શકે તોપણ 'મારું સ્વરૂપ રાગરહિત જ છે' એવી શ્રદ્ધા તો અવશ્ય કરે. આચાર્યદેવ કહે છે કે તારાથી ચારિત્ર ન થઈ શકે તો શ્રદ્ધામાં ગોટા વાળીશ નહિ, તારા સ્વભાવને અન્યથા માનીશ નહિ.

(ક્રમશઃ)

*

આત્મભ્રમોદ્ભવ દુઃખ તો આત્મજ્ઞાનથી જાય;
તત્ર યત્ન વિણ, ઘોર તપ તપતાં પણ ન મુકાય. ૪૧. —શ્રી સમાધિતંત્ર

## સંસારદર્શન




.....કોઈ પુરુષ કોઈ વનમાં હોય અને તેની પાછળ કોઈ હાથી દોડે તેથી ભયભીત થઈને તે પુરુષ એવા વૃક્ષ ઉપર ચડી જાય કે જે વૃક્ષની નીચે મોટો અજગર મુખ ફાડીને બેઠો છે. તે વૃક્ષની એવી શાખાને પકડીને નીચે લટકે છે કે જે શાખાની નીચે કૂવો છે. તે કૂવાના ચારે ખૂણામાં ચાર સર્પો મુખ ફાડીને બેઠા છે. તે પુરુષે જે શાખા પકડી છે તે શાખાની જડને એક કાળો ઉંદર તથા એક સફેદ ઉંદર કાપી રહ્યાં છે. તે વૃક્ષમાં એક મધપુડો છે, તેમાંથી મધમાખીઓ તે પુરુષને કરડવા લાગી છે. પાછળ પડેલો હાથી વૃક્ષને જ મૂળથી ઉખાડવાનો પ્રયત્ન કરી રહ્યો છે. (આવી ભયંકર સ્થિતિમાં) તે પુરુષ મધપુડામાંથી મધનું એક ટીપું નીચે પડે છે તેનો સ્વાદ લ્યે છે અને પોતાને સુખી માને છે તે તેની મૂર્ખાઈ છે. કારણ કે તે શીઘ્ર જ કૂવામાં પડીને મરણને પ્રાપ્ત થશે.

તેવી રીતે આ સંસારરૂપી મહાવન છે. જેમાં મિથ્યાદર્શન-મિથ્યાજ્ઞાન-મિથ્યાચારિત્રમાં પડેલો જીવ મરણરૂપી ભયથી કોઈ મનુષ્યલોકને (મનુષ્યલોકરૂપી વૃક્ષને) પ્રાપ્ત થાય છે કે જેની નીચે (પાતાળમાં) સાતમી નરકરૂપી અજગર છે, ક્રોધ- માન-માયા-લોભરૂપી ચાર સર્પો બેઠા છે. જીવ આયુકર્મરૂપી શાખામાં લટકે છે કે જે શાખાને કૃષ્ણપક્ષ અને શુક્લપક્ષરૂપી ઉંદર નિરંતર કાપી રહ્યા છે તથા તેના શરીરમાં મધમાખીઓ સમાન અનેક

રોગ લાગેલા છે તથા મરણરૂપી હાથી ઊભો છે. તોપણ મધબિંદુની માફક ઇન્દ્રિય વિષયોના (કલ્પિત) સુખને ભોગવતો થકો પોતાને સુખી માને છે તે જીવની અજ્ઞાનતા છે. સુખ, દુઃખનું ઘર છે. એવું સંસારિક સુખ ત્યાગવા યોગ્ય છે અને મોક્ષનું સુખ આપત્તિ-રહિત સ્વાધીન તથા અવિનાશી છે તેથી ગ્રહણ કરવા યોગ્ય છે એમ આ ચિત્રનું તાત્પર્ય છે.

(વિશેષ :—વિમાનમાં એક વિદ્યાધર આવીને, પેલા મનુષ્યની ઉપર કરુણા કરીને કહે છે કે તું મધના ટીપાનો સ્વાદ લેવામાં રોકાયો છે પરંતુ હમણાં જ તારું ભયંકર રીતે મોત થશે. માટે મારો હાથ પકડીને આ વિમાનમાં બેસી જા, તો તું બચી જઈશ. પણ મધના સ્વાદનો લોલુપી 'એક ટીપું ચાખી લઉં', 'એક ટીપું ચાખી લઉં'. એમ કરતો કરતો વિદ્યાધરની વાતની અવગણના કરે છે અને ડાળી તૂટી પડતાં કૂવામાં પડીને ભયંકર રીતે મરણ પામે છે. તેવી જ રીતે સંસારી જીવને ભાગ્યોદયથી સમ્યગ્જ્ઞાની ગુરુનો યોગ મળે છે. શ્રીગુરુ અત્યંત કરુણા કરીને, જીવને વારંવાર સાવધાની આપીને સંસારથી ચેતવી રહ્યા છે તોપણ મોહી જીવ ઇન્દ્રિય વિષયોની લોલુપતામાં 'પછી ધર્મ કરીશ', 'પછી ધર્મ કરીશ' એમ ધર્મ-સાધનમાં મુદત મારતો શ્રીગુરુના કરુણાપૂર્વકના ઉપદેશની અવગણના કરીને, મનુષ્ય-આયુ પૂરું થઈ જતાં, ચારે ગતિમાં રઝળ્યા કરે છે.)

---

(અનુસંધાન પેજ નં. ૨૯ થી ચાલુ) (બાલ વિભાગ)

જીવોના ભવનો ઉપદ્રવ દૂર થઈ જાય છે ને આનંદમય મોક્ષમાર્ગની પ્રાપ્તિ થાય છે. અહો, આ આપ જિનમાર્ગના પ્રકાશક છો, ને સમ્યક્ત્વાદિ ત્રણ ઉત્તમ રત્નો વડે શોભી રહ્યા છો, આત્માની સાધનામાં આપ મેરુ જેવા નિશ્ચલ છો. તુચ્છ અસુરદેવ ત્રણ ત્રણ રાતથી ઘોર ઉપસર્ગ કરતો હોવા છતાં આપ આત્મસાધનાથી ડગતા નથી, કે ક્રોધનો વિકલ્પ પણ કરતા નથી. ધન્ય આપની વીતરાગતા ! આપની પાસે એક નહીં પણ અનેક લબ્ધિઓ છે, આપ ધારો તો અસુરદેવને ક્ષણમાં ભગાડી મૂકો.... પરંતુ 'બહુ ઉપસર્ગ કર્તા પ્રત્યે પણ ક્રોધ નહિ' એવા આપ તો ચૈતન્યના ધ્યાન વડે કેવળજ્ઞાન સાધવામાં જ તત્પર છો—આમ ખૂબ જ સ્તુતિ કરતા હતા.... (ક્રમશઃ) ❊



# યુવા વિભાગ

(આ વિભાગ અંતર્ગત મુમુક્ષુઓની પૂજ્ય ગુરુદેવશ્રીની સાથે રાત્રિ સમયે થયેલી તત્ત્વચર્ચા આપવામાં આવી છે.)

પ્રશ્ન :—શ્રદ્ધાનનો દોષ અને ચારિત્રના દોષમાં શું ફેર છે?

ઉત્તર :—શ્રદ્ધાનનો દોષ અને ચારિત્રના દોષમાં બહુ મોટો ફેર છે. સમ્યગ્દષ્ટિ બે ભાઈ લડાઈ કરે, જીવોની હિંસા થાય, છતાં એ શરીરની ક્રિયાનો ને રાગનો કર્તા નથી, જ્ઞાતા છે અને મિથ્યાદષ્ટિ દ્રવ્યલિંગી એકેન્દ્રિયના જીવને પણ હણે નહિ છતાં તે કાયા અને કષાયમાં એકતાબુદ્ધિવાળો હોવાથી કર્તા છે, છ કાયનો ઘાતક છે. આહાહા! ચારિત્રના દોષની અલ્પતા કેટલી કે બે ભાઈ લડે છતાં મોક્ષે જાય અને શ્રદ્ધાનના દોષની મોટપ એટલી કે વિપરીત પરિણામના ફળ નરક નિગોદ છે. મૂળ આત્મદર્શન વિના ગમે તેટલી સાધુપણાની ક્રિયા કરે પણ બધું ફોગટ છે. છ માસના ઉપવાસ કરે, ત્યાગ કરે પણ આત્મજ્ઞાન વિના તે બધું શૂન્ય છે, રણમાં પોક સમાન છે. ભાઈ! પ્રભુનો મારગ તદ્દન નિરાળો અંતરનો છે એને સમજવા બહુ પ્રયત્ન માગે છે.

પ્રશ્ન :—શ્રદ્ધાનો દોષ અને ચારિત્રના દોષના ફળમાં શું ફરક છે?

ઉત્તર :—ભગવાને કહેલાં વસ્તુસ્વરૂપની શ્રદ્ધાથી ભ્રષ્ટ છે તેની મુક્તિ થતી નથી, ચારિત્રભ્રષ્ટ છે તેની મુક્તિ અવશ્ય થાય છે. કેમ કે તેને ચારિત્રનો દોષ છે પણ એ દોષનો તેને ખ્યાલ હોવાથી એ દોષ ટાળીને મુક્તિ પામશે. પણ ભગવાને કહેલા વસ્તુ સ્વરૂપની શ્રદ્ધાથી જે ભ્રષ્ટ છે તેની મુક્તિ થતી નથી. ચારિત્ર દોષ હોય છતાં કોઈ સમ્યગ્દષ્ટિને તીર્થંકર ગોત્રનો બંધ દરેક સમયે થઈ રહ્યો છે. એ સમ્યગ્દષ્ટિ ચારિત્રનો દોષ ટાળીને મુક્તિ પામશે.

પ્રશ્ન :—જિનશાસન અને જૈનધર્મ કોને કહે છે?

ઉત્તર :—જે શ્રુતજ્ઞાનની વીતરાગી પર્યાયમાં આત્મા અબદ્ધસ્પૃષ્ટ સ્વરૂપ અનુભવમાં આવે તે પર્યાયને જિનશાસન કહે છે. જેમાં વિકાર, અપૂર્ણતા કે ભેદ આવે

દેહાતમધી અભિલષે દિવ્ય વિષય, શુભ કાય;
તત્ત્વજ્ઞાની તે સર્વથી ઇચ્છે મુક્તિ સદાય. ૪૨. —શ્રી સમાધિતંત્ર

તે પર્યાયને જિનશાસન કહેતા નથી. પાંચ ભાવસ્વરૂપ પણ એકરૂપ આત્મા છે તે જેને અનુભવમાં આવે તેને વીતરાગી જૈનધર્મ કહે છે. વીતરાગી પર્યાય પ્રગટ થાય છે તેમાં વીતરાગી દ્રવ્યનો આશ્રય છે છતાં કર્તાપણું એ વીતરાગી દ્રવ્યનું નથી. વીતરાગ પર્યાયને વીતરાગી દ્રવ્યનો આશ્રય આવ્યો માટે એ પર્યાય પરાધીન છે એમ નથી. વીતરાગી પર્યાય ષટ્કારકથી સ્વતંત્ર કર્તાપણે થઈને પ્રગટ થાય છે. પોતાની ધર્મપર્યાય છે તેનો કર્તા પણ દ્રવ્ય-ધ્રુવ વસ્તુ ઉપચારથી છે. આહાહા! આવી વાતો વીતરાગની છે. આ તો અંદરથી આવે છે. ભગવાન પાસેથી આવે છે. અનંતા કેવલીઓનો પોકાર છે.

પ્રશ્ન :—સાધકની અંતરંગ દશા કેવી હોય છે?

ઉત્તર :—સાધકનો એક વિકલ્પ—જેનાથી તીર્થંકરનામકર્મ જેવા જગતને આશ્ચર્યકારી પુણ્ય બંધાય, તો એ વિકલ્પની પાછળ રહેલા પવિત્ર સાધકભાવના મહિમાની તો શી વાત? આમ પવિત્રતા ને પુણ્ય બંનેની સંધિ—છતાં પવિત્રતાનો ભોગવટો ધર્મીના અંતરમાં સમાય છે, ને પુણ્યનો ભોગવટો ધર્મીના અંતરથી બાહ્ય છે,—એનો ભોગવટો ધર્મીના અનુભવમાં નથી. વાહ! જુઓ આ બેસતા વર્ષની અપૂર્વ વાત! અહા, સાધકભાવ...જેના એક અંશનોય એવો અચિંત્ય મહિમા કે તીર્થંકરપ્રકૃતિનાં પુણ્ય પણ જેને પહોંચી ન શકે. તીર્થંકરપ્રકૃતિ તે તો પવિત્રતાના અંશની સાથે સાધકને રહેલા વિકલ્પરૂપ વિભાવનું ફળ છે, જ્યારે સાધકભાવ તે તો સ્વભાવનું ફળ છે.—બંનેની જાત જ જુદી.

પ્રશ્ન :—જ્ઞાનીને રાગ થતો હોવા છતાં તેને વૈરાગ્ય કેમ કહો છો?

ઉત્તર :—પ્રથમ તો જ્ઞાનીને પરમાર્થે રાગ થતો જ નથી, કેમ કે રાગ વખતે જ્ઞાની જાણે છે કે હું તો જ્ઞાન છું, મારો આત્મા જ્ઞાનમય છે પણ રાગમય નથી, રાગ મારા જ્ઞાનથી ભિન્ન છે. વળી જ્ઞાનીને તે રાગની રુચિ નથી. રાગ મને હિતકર છે એમ જ્ઞાની માનતા નથી; સ્વભાવસન્મુખની દૃષ્ટિ તે વખતે પણ છૂટી નથી, ને રાગમાં એકતાબુદ્ધિ થઈ નથી,—માટે જ્ઞાની ખરેખર વૈરાગી જ છે. અજ્ઞાની એકલા રાગને દેખે છે પણ તે જ વખતે જ્ઞાનીનું જ્ઞાન તે રાગથી છૂટું પડીને અંતરસ્વભાવમાં એકાકારપણે પરિણમી રહ્યું છે—તેને અજ્ઞાની ઓળખતો નથી.

**પરમાં નિજમતિ નિયમથી સ્વચ્યુત થઈ બંધાય;**
**નિજમાં નિજમતિ જ્ઞાનીજન પરચ્યુત થઈ મુકાય. ૪૩.** —**શ્રી સમાધિતંત્ર**



# પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની ગુરુભક્તિપૂર્ણ આધ્યાત્મિક તત્ત્વચર્ચા

પ્રશ્ન :—ક્ષયોપશમ જ્ઞાન વધે તો લાભ થાય?

સમાધાન :—ક્ષયોપશમ જ્ઞાનનું પ્રયોજન નથી, એક આત્માનું પ્રયોજન છે. વિશેષ ક્ષયોપશમ હોય તો વધારે લાભ થાય અર્થાત્ મુક્તિનો માર્ગ પ્રગટ થાય કે મોક્ષ થાય તેમ નથી. ક્ષયોપશમને ઇચ્છવા કરતાં મને આત્મા કેમ પ્રગટ થાય? ભેદજ્ઞાન કેમ થાય? એવી ભાવના હોવી જોઈએ. થોડો ક્ષયોપશમ હોય તો પણ ભેદજ્ઞાન અને સ્વાનુભૂતિ થાય છે. દરેકને એક જાતનો ક્ષયોપશમ હોતો નથી, બધાને ક્ષયોપશમ યોગ્યતા પ્રમાણે હોય છે. પણ ક્ષયોપશમની ઇચ્છા લાભ કરતી નથી. પ્રયોજનભૂત આત્માને જાણે તેમાં બધું આવી જાય છે. ઘણાં શાસ્ત્રો ભણે–ગોખે તો આત્મા ઓળખાય એવું નથી. શાસ્ત્રનું જાણપણું તે નિમિત્ત બને છે, વિશેષ જાણવાનું કારણ બને, પણ ક્ષયોપશમ ઘણો હોય તો જ આગળ જવાય એમ નથી. શિવભૂતિ મુનિ થોડું જાણતા હતા તો પણ આગળ ગયા. પ્રયોજનભૂત ભેદજ્ઞાન જાણે તો ભવનો અભાવ થાય, આત્મા ઓળખાય, સ્વાનુભૂતિ થાય. તેને ક્ષયોપશમ સાથે સંબંધ નથી.

પ્રશ્ન :—આત્માકો સમજનેકી સચ્ચી પ્યાસ લગે ઉસ જીવકી સ્થિતિ કૈસી હોની ચાહિએ?

સમાધાન :—સચ્ચી પ્યાસ લગી હો તો ભીતરમેં પ્રયાસ કિયે બિના રહતા હી નહીં, પ્રયાસ કરતા હી હૈ. પ્યાસ લગી હો તો જહાં સુનનેકો મિલે વહાં જાય, ઔર ભગવાન ઔર ગુરુ ક્યા કહતે હૈં ઐસા વિચાર કરે, ભીતરસે ભેદજ્ઞાન કરનેકા પ્રયાસ કરે. જો સચ્ચી પ્યાસ લગી હો તો, મૈં જ્ઞાયક હૂં....મૈં જ્ઞાયક હૂં, વિભાવ મેરા સ્વભાવ નહીં હૈ, ઐસા જ્ઞાયકકો પ્રગટ કરે બિના રહતા હી નહીં. જૈસે બાહરમેં અપને કાર્યમેં કોઈ મુશ્કિલ લગે તો સબ દૂર કરકે—ગૌણ કરકે—ભી અપના કાર્ય કરતા હૈ વૈસે યહાં સચ્ચી પ્યાસ લગી નહીં હૈ, પ્યાસ લગે તો પ્રયાસ હોતા હી હૈ. કોઈ કહતા હૈ કૈસા

નિજ આત્મા ત્રણ લિંગમય માને જીવ વિમૂઢ;
સ્વાત્મા વચનાતીત ને સ્વસિદ્ધ માને બુધ. ૪૪. –શ્રી સમાધિતંત્ર

કરના? ક્યા કરના? બહુત કરતે તો ભી હોતા નહીં હૈ. લેકિન યે બહુત કરતા હી નહીં હૈ. પ્યાસ લગી હો તો પ્રયત્ન હોતા હી હૈ, હુયે બિના રહતા હી નહીં.

પ્રશ્ન :—પ્યાસ લગી હૈ યે કૈસે પતા ચલે?

સમાધાન :—જિસે પ્યાસ લગી હૈ વહ પ્રયત્ન કરતા હૈ. પ્રયત્ન નહીં કરતા તો સમજના કી પ્યાસ નહીં લગી હૈ. સચ્ચી પ્યાસ લગી હો તો પ્રયત્ન જરૂર કરતા હૈ.

પ્રશ્ન :—આપને કહા થા કિ દિન-રાત ઐસી લગની ચાહિએ કી ખાના-પીના ન રુચે, એક આત્મા હી ચાહિએ. ઐસી લગન લગાને જાતા હૈ તો બીચમેં કોઈ પ્રતિકૂલતા આ જાતી હૈ તો કૈસે લગન લગાવે?

સમાધાન :—જિસકો લગની લગે, ઉસકો અપની લગનીમેં કોઈ વસ્તુ વિઘ્ન કરતી નહીં હૈ. જિસકો લગની લગે ઉસકો ખાના, પીના, સોના, ઘૂમના, ફિરના નહીં રુચતાં. વહ ખાતા હૈ, પીતા હૈ, સબ કરતા હૈ. ફિર ભી ભીતરમેં મુઝે આત્મા ચાહિયે ઐસા લક્ષ રહતા હૈ. વહ જહાં જાતા હૈ વહાં મેરે આત્મા ચાહિએ ઐસી અંદરમેં ખટક—ધગશ રહતી હૈ. ઐસી લગની લગે તો પુરુષાર્થ હુએ બિના રહતા નહીં. ઉસકો કહીં ભી ચેન નહીં પડતા, કોઈ બાધા ડાલતા હૈ તો ભી પુરુષાર્થ કરકે ભીતરમેં જાતા હૈ. બહારકી કોઈ વસ્તુ પ્રતિબંધરૂપ નહીં હોતી. અંદર પુરુષાર્થ કરે ઉસકો બહારકી કોઈ વસ્તુ બાધા ડાલ સકતી નહીં. વહ ભીતરમેં ગયે બિના રહતા નહીં.

પ્રશ્ન :—દૃષ્ટિમાં હું જ્ઞાયક છું, રાગ મારો સ્વભાવ નથી, હું રાગનો કર્તા નથી, આવો ભેદજ્ઞાનનો અભ્યાસ કરે તે શું બરાબર છે?

સમાધાન :—એમ અભ્યાસ કરે તો બરાબર છે. દૃષ્ટિમાં જ્ઞાયક રાખવો, દૃષ્ટિની અપેક્ષાએ રાગનો કર્તા નથી, રાગ પોતાનો સ્વભાવ નથી. જ્ઞાનમાં એમ થાય કે મારી પર્યાયમાં રાગ થાય છે અને તે મારી પુરુષાર્થની મંદતાએ થાય છે. દૃષ્ટિમાં એમ આવે કે હું જ્ઞાયક છું. અને જ્ઞાનમાં એમ આવે કે મારી પુરુષાર્થની મંદતાએ રાગ થાય છે. તેનાથી છૂટા પડવાનો પ્રયત્ન કરે. ક્ષણે ક્ષણે જે વિભાવની પર્યાય પ્રગટ થાય છે તેની સાથે હું જ્ઞાયક જુદો છું એમ પરથી ને વિભાવથી છૂટા પડવાનો ભેદજ્ઞાનનો પ્રયાસ અંતરમાંથી સમજીને કરે તો બરાબર છે.

**યદ્યપિ આત્મ જણાય ને ભિન્નપણે વેદાય,**
**પૂર્વભ્રાન્તિ-સંસ્કારથી પુનરપિ વિભ્રમ થાય. ૪૫.** **–શ્રી સમાધિતંત્ર**

પ્રશ્ન :—હું જ્ઞાયક જ છું એવી સાચી દૃષ્ટિમાં, રાગનો હું સર્વથા કર્તા નથી એમ શું લઈ શકાય ખરું?

સમાધાન :—દૃષ્ટિ અપેક્ષાએ લઈ શકાય. જ્ઞાનપૂર્વક દૃષ્ટિમાં એમ આવે. અનાદિ-અનંત શાશ્વત જે હું જ્ઞાયક છું તે જ્ઞાયકની અંદર અશુદ્ધતા લાગી જ નથી. જો અશુદ્ધતા અંદર લાગી હોય તો કદી છૂટે નહિ, માટે અશુદ્ધતા લાગી જ નથી. દૃષ્ટિની અપેક્ષાએ હું સર્વથા શુદ્ધ છું. દ્રવ્ય અપેક્ષાએ બધી રીતે હું શુદ્ધ છું, અશુદ્ધતા સર્વથા નથી. દૃષ્ટિમાં તો તે અપેક્ષા પૂરેપૂરી છે, પણ પર્યાયમાં અશુદ્ધતા છે તેને જ્ઞાન બરાબર જાણે છે. માટે પુરુષાર્થની દોરીથી તેમાંથી છૂટવા માટે પ્રયત્ન કરે છે.

પ્રશ્ન :—પરિણામી દ્રવ્ય પરિણામનો કર્તા છે એ જ્ઞાનમાં બરાબર રાખ્યું છે અને દૃષ્ટિમાં હું જ્ઞાયક જ છું, જ્ઞાયક સર્વથા રાગનો અકર્તા છે અર્થાત્ દૃષ્ટિ અપેક્ષાએ હું સર્વથા રાગથી ભિન્ન છું એમ લેવાય?

સમાધાન :—દ્રવ્યદૃષ્ટિની અપેક્ષાએ દ્રવ્ય રાગથી સર્વથા ભિન્ન છે, સર્વથા જ ભિન્ન છે. અનાદિ–અનંત સર્વથા ભિન્ન છે. તેમાં બીજી કોઈ અપેક્ષા રહેતી નથી. જેમ સ્ફટિકમણિ સર્વથા નિર્મળ જ છે, પણ તેની પર્યાયમાં—વર્તમાન પરિણતિમાં—લાલાશ છે તેમ ચૈતન્યદ્રવ્યના મૂળમાં—જ્ઞાયકમાં—સર્વથા અશુદ્ધતા પ્રવેશ પામી નથી, પણ તેની પર્યાયમાં અશુદ્ધતા છે તે તેના જ્ઞાનમાં હોય છે. દૃષ્ટિમાં શુદ્ધ જ્ઞાયક છે. દ્રવ્યમાં અશુદ્ધતા તો નથી, પણ અધૂરી–પૂર્ણ પર્યાયની અપેક્ષા તેમ જ કોઈ ભેદની અપેક્ષા પણ નથી.

## બાળકો માટેના આપેલ પ્રશ્ન ઓક્ટોમ્બર – ૨૦૧૮ના ઉત્તર

(૧) આઠ
(૨) ત્રણ
(૩) ઉમરાળા
(૪) મનુષ્ય
(૫) નૈમિત્તિક, વિકારીભાવ, અથવા ઔપાધિક, ઔદયિક
(૬) વાસુપૂજ્ય
(૭) જંબૂ
(૮) વાસુપૂજ્ય, મલ્લિનાથ, નેમિનાથ, પાર્શ્વનાથ, મહાવીર
(૯) વઢવાણ, વીરપુરી–વર્ધમાનપુરી
(૧૦) બળદ
(૧૧) મનુષ્ય
(૧૨) પૂજ્ય બહેનશ્રી ચંપાબેન
(૧૩) ચાર
(૧૪) નિઃસહી, નિઃસહી, નિઃસહી
(૧૫) આદિનાથ
(૧૬) મિથ્યાત્વ
(૧૭) વિદેહ
(૧૮) પૂજ્ય બહેનશ્રી ચંપાબેન
(૧૯) દસ
(૨૦) આદિનાથ

## બાળ વિભાગ

# ભગવાન દેશભૂષણ અને કૂલભૂષણ

### (મોક્ષગામી બે રાજકુમારો..... તેમનું સાચું કુટુંબ)

દેશભૂષણ અને કુલભૂષણ એ બંને રાજકુમાર બંધુઓ, જ્યારે એકાએક સંસારથી વિરક્ત થઈ મુનિદીક્ષા લેવા તૈયાર થયા, ત્યારે પુત્રવિયોગથી વ્યાકુળ માતાએ પુત્રોને દીક્ષા લેતા રોકવા ઘણો પ્રયત્ન કર્યો, તેની બહેને પણ મુનિપણામાં ઘણાં કષ્ટ બતાવતાં કહ્યું : હે બંધુઓ ! ત્યાં કોઈ માતા, પિતા કે પરિવાર નથી, કુટુંબ વગર વન જંગલમાં એકલા એકલા તમે કઈ રીતે રહેશો ?

ત્યારે વૈરાગી કુમારો જવાબ આપતાં કહે છે કે હે માતા ! હે બહેન ! મુનિદશામાં તો મહાઆનંદ છે. ત્યાં કોઈ આત્મા એકલો નથી, તેનો મહાન ચૈતન્યપરિવાર તેની સાથે જ છે : સાંભળો—


(શાર્દૂલ છંદ)

धैर्य यस्य पिता क्षमा च जननि शांतिश्चिरं गेहिनी,
सत्यं सुनुरयं दया च भगिनी भ्राता मानः संयमः।
शय्या भूमितलं दिशोपि वसनं ज्ञानामृतं भोजनं,
एते यस्य कुटुंबिनो वश सखे! कस्मात् भयं योगिनः॥

ધૈર્ય તો જેના પિતા છે, ક્ષમા જેની માતા છે, અત્યંત શાંતિ જેની ગૃહિણી છે, સત્ય જેનો સુત છે, દયા જેની બહેન છે, અને સંયમ જેનો ભાઈ છે, આવો ઉત્તમ વીતરાગી પરિવાર મુનિઓને વનજંગલમાં આનંદ આપે છે. વળી પૃથ્વી જેની શય્યા છે, આકાશ જેનાં વસ્ત્ર છે, જ્ઞાનામૃત જેનું ભોજન છે, એવા યોગીને શેનો ભય હોય ? ભય તો મોહમય સંસારમાં છે, મોક્ષના સાધકોને ભય કેવો ?

આમ કહી દેશભૂષણ-કુલભૂષણ બંને કુમારો વનમાં ચાલ્યા ગયા, ને દીક્ષા લઈ મુનિ થયા. તેની બહેન અર્જિકા થઈ. બંને કુમારો મુનિ થઈને ચૈતન્યના અનંત ગુણ પરિવાર સાથે ખૂબ આનંદથી કેલિ કરવા લાગ્યા, શુદ્ધોપયોગ વડે નિજગુણના સ્વપરિવાર સાથે કેલિ કરતાં કરતાં મોક્ષને સાધવા લાગ્યા.

હવે જ્યારે રામ-લક્ષ્મણ-સીતા વંશધર પર્વત નજીક આવ્યા ત્યારે દેશભૂષણ-કુલભૂષણ મુનિવરો તે વંશધર પર્વત ઉપર બિરાજતા હતા ને ધ્યાન ધરતા હતા, ત્યારે તેમનો પૂર્વભવનો વેરી દુષ્ટ અગ્નિપ્રભદેવ ત્રણ દિવસથી તેમના ઉપર દૈવી માયાજાળ વડે ઘોર ઉપસર્ગ કરતો હતો. શ્રી કેવળીના મુખમાં એમ આવ્યું કે મુનિસુવ્રત પછી તેમના શાસનમાં દેશભૂષણ-કુલભૂષણ કેવળજ્ઞાની થશે. તે સાંભળીને પૂર્વની દ્વેષબુદ્ધિથી પ્રેરાયેલા દુષ્ટ અગ્નિપ્રભદેવે વિચાર્યું કે હું તેમને ઉપસર્ગ કરું ને કેવળીના વચન મિથ્યા કરું ! આવી મિથ્યાબુદ્ધિ વડે તે દેશભૂષણ-કુલભૂષણ મુનિઓ ઉપર ઉપસર્ગ કરવા માંડ્યો : વિક્રિયા વડે હજારો સર્પ અને વીંછી તેમને વીંટળાઈ ગયા. તેણે એવી ગર્જના કરી કે પર્વત ધ્રુજી ઊઠ્યો.....ક્રૂર પશુઓનું રૂપ ધરીને મુનિને ખાઈ જવાની ચેષ્ટા કરી...



રોજ રાત પડે ને ધ્યાનસ્થ મુનિઓ ઉપર ઉપસર્ગ કરે, તે ઉપસર્ગનો ભયાનક અવાજ દશદશ ગાઉ સુધી સંભળાય. તે સાંભળીને નગરજનો ભયથી ધ્રુજી ઊઠે... રાજા પણ કાંઈ ઉપાય કરી ન શક્યો, એટલે ભયના માર્યા રાજા-પ્રજા સૌ રાત પડે ત્યાં નગરી છોડીને દૂર ચાલ્યા જતા.

એ રીતે અત્યંત ભયભીત નગરજનોને દેખીને રામે તેનું કારણ પૂછ્યું, નગરજનોએ કહ્યું : અહીં રોજ રાત્રે કોઈ દુષ્ટ દેવ ભયંકર ઉપદ્રવ કરે છે, તેના અત્યંત કર્કશ અવાજથી અમે સૌ ભયભીત છીએ. ખબર નથી પડતી કે પર્વત ઉપર રોજ રાત્રે શું થાય છે ! ત્યાં ઘણો ભય છે ને તમે અજાણ્યા છો. માટે તમે ત્યાં ન જશો, તમે પણ અમારી સાથે સુરક્ષાના સ્થાને આવો.


એ સાંભળીને સીતા પણ ભયભીત થઈને કહેવા લાગી—હે દેવ ! આપણે પણ ત્યાં નથી. જવું ચાલો, આપણે પણ આ લોકોની સાથે નિર્ભય સ્થાનમાં જઈને રાત વીતાવીએ.

ત્યારે રામે હસીને કહ્યું કે રે જાનકી ! તું તો બહુ બીકણ છો. તારે લોકોની સાથે જવું હોય તો જા ! અમે તો અહીં આ પર્વત ઉપર જ રહેશું, ને આ બધું શું થાય છે તે જોઈશું. અમને કોઈનો ડર નથી.

ત્યારે સીતાએ કહ્યું : હે નાથ! તમારી હઠ દુર્નિવાર છે! તમે જશો તો હું પણ સાથે જ આવીશ. આપ અને લક્ષ્મણ જેવા વીર મારી સાથે છો, પછી મને કોનો ભય છે!—એમ કહીને તે પણ રામ-લક્ષ્મણની સાથે જ વંશસ્થ પર્વત તરફ જવા લાગી.

લોકોએ તેમને ત્યાં ન જવા ઘણા સમજાવ્યા. પણ રામ-લક્ષ્મણ તો નિર્ભયપણે પર્વત ઉપર જવા લાગ્યા. સીતા પણ ચાલી. સીતા ભયની મારી ક્યાંક પર્વત ઉપરથી પડી ન જાય એમ વિચારી, રામ આગળ ને લક્ષ્મણ પાછળ, વચ્ચે સીતા—એમ બંને ભાઈઓ ખૂબ સાવધાનીથી સીતાને પહાડના શિખર ઉપર લઈ ગયા.

પહાડ ઉપર જઈને જોયું ત્યાં તો અદ્‌ભુત આશ્ચર્યકારી દૃશ્ય દેખ્યું : અહા! અત્યંત સુકોમળ બે યુવાન મુનિભગવંતો ઊભા ઊભા દેહથી ભિન્ન આત્માનું ધ્યાન કરી રહ્યા છે. દરિયા જેવી ગંભીર એમની શાંત મુદ્રા છે. આવા વીતરાગ મુનિ ભગવંતોને દેખીને તેમને અત્યંત પ્રસન્નતા થઈ ને ભક્તિભાવથી સ્તુતિ કરવા લાગ્યા.... રામ-લક્ષ્મણ-સીતાએ એવી ભાવભીની સ્તુતિ કરી કે પર્વત ઉપરના પશુઓ પણ તે સાંભળીને મોહિત થયા. ને ત્યાં આવીને શાંતિથી બેસી ગયા. રામ-લક્ષ્મણ-સીતા ત્યાં જ રહ્યા. રાત પડી ને અસુરદેવ ઉપસર્ગ કરવા આવી પહોંચ્યો. મોટા ભયાનક સર્પનું રૂપ લઈને જીભના લબકારા કરતો તે મુનિઓના શરીરને વીંટળાઈ વળ્યો. રામ-લક્ષ્મણ આ ઉપદ્રવને અસુરની માયા સમજીને તેના ઉપર એકદમ ગુસ્સે થયા. સીતા તો એનું ભયાનક રૂપ દેખીને ભયથી રામને વીંટળાઈ ગઈ.... રામે કહ્યું—હે દેવી! તું ભય ન કર. સીતાને ધીરજ આપીને બંને ભાઈઓએ મુનિઓના શરીર ઉપરથી સર્પને પકડીને દૂર કર્યો—બળદેવ-વાસુદેવના પુણ્યપ્રભાવ પાસે અસુરદેવની વિક્રિયાનું જોર ન ચાલ્યું. તેણે વિક્રિયા સંકેલી લીધી.




એ રીતે ઉપસર્ગ દૂર થયાનું સમજી રામ-લક્ષ્મણ-સીતા આનંદ સહિત મુનિરાજની સ્તુતિ કરવા લાગ્યા : 'હે દેવ! આપ તો સંસારથી ઉદાસ ને મોક્ષના સાધક છો... આપ મંગળ છો, આપનું શરણ લેતાં ભવ્ય

(જુઓ અનુસંધાન પેજ નં. ૨૧ ઉપર)

## સુવર્ણપુરી સમાચાર :—

અધ્યાત્મતીર્થ સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ અનંત ઉપકારમય પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમજ તેમના પરમ અનન્ય ભક્ત પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય પ્રતાપે, આશીર્વાદથી દેવ-ગુરુ-શાસ્ત્રની ધર્મની આરાધનામય રહે છે. તથા પં.રત્નશ્રી હિંમતભાઈ જે. શાહે બનાવેલા સુમધુર કાવ્યોથી વાતાવરણ ભક્તિમય રહે છે :—

| | | |
|---|---|---|
| પ્રાત : ૫-૪૫ થી ૬-૦૫ | : | પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઑડિયો-ટેપ |
| પ્રાત : ૭-૪૫ થી | : | શ્રી જિનેન્દ્ર પૂજા |
| સવારે ૮-૩૦ થી ૯-૩૦ | : | શ્રી સમયસાર ઉપર (૧૭મી વારના)<br>પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD** પ્રવચન |
| બપોરે ૩-૦૦ થી ૪-૦૦ | : | શ્રી પ્રવચનસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD** પ્રવચન |
| બપોરે ૪-૦૦ થી ૪-૩૦ | : | શ્રી જિનેન્દ્ર ભક્તિ |
| રાત્રે ૭-૪૫ થી ૮-૪૫ | : | પરમાત્મપ્રકાશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD** પ્રવચન |

### * વિશેષ ધાર્મિક કાર્યક્રમ *

આપણા પરમ તારણહાર પરમોપકારી પૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીની વાર્ષિક સમાધિદિન નિમિત્તે સોનગઢમાં પંચાહ્નિક વિશેષ ધાર્મિક કાર્યક્રમ કારતક વદ ૩ તા. ૨૫-૧૧-૨૦૧૮, રવિવારથી કારતક વદ ૭ તા. ૨૯-૧૧-૨૦૧૮, ગુરુવાર સુધી રાખવામાં આવ્યો છે. આ 'ગુરુ-ઉપકારસ્મૃતિ'નો કાર્યક્રમ શ્રી પંચપરમેષ્ઠીમંડલ વિધાન પૂજા, પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના ગુરુ-ભક્તિભીના માર્ગદર્શન અનુસાર વીતરાગ દેવ-ગુરુની ભક્તિ તથા વીતરાગ તત્ત્વજ્ઞાનની કલ્યાણી ઉપાસનાપૂર્વક સાદગીથી ઊજવવામાં આવશે.

---

## વૈરાગ્ય સમાચાર :–

અમરેલી નિવાસી (હાલ વિશાખાપટ્ટનમ્) કમલભાઈ રતિલાલ ખારાનું તા. ૫-૯-૨૦૧૮ના રોજ દેહ પરિવર્તન થયેલ છે.

રાજકોટ નિવાસી રતિલાલ દેવચંદ મહેતાનું (ઉ.વ. ૮૦) તા. ૧-૧૦-૨૦૧૮ના રોજ શાંતપરિણામપૂર્વક દેહ પરિવર્તન થયેલ છે.

સોનગઢ નિવાસી બાલ બ્રહ્મચારી જસુબેન દામાણી (—તેઓ સ્વ. હીરાચંદભાઈ દામાણી-સ્ટાર ઑફ ઈન્ડિયાના સુપુત્રી) (ઉ.વ. ૯૦) તા. ૯-૧૦-૨૦૧૮ના રોજ દેહ પરિવર્તન થયેલ છે. તેઓશ્રીને પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બેનશ્રી પ્રત્યે અનન્ય ભક્તિભાવ હતો, તેમજ બ્રહ્મચર્યવ્રત પછી જીવનપર્યંત તેમના તત્ત્વજ્ઞાનનો લાભ લીધો હતો. તથા દેવ-શાસ્ત્ર-ગુરુ પૂજા, સ્વાધ્યાય નિયમિત ક્રમ હતો.

ઇન્દૌર નિવાસી શ્રીમતી માણકબાઈ મનોહરલાલ કાલાનું તા. ૧૧-૧૦-૨૦૧૮ના રોજ શાંત પરિણામપૂર્વક દેહ પરિવર્તન થયેલ છે. તેઓશ્રી છેલ્લા ૫૦ વર્ષોથી પૂજ્ય ગુરુદેવશ્રીના તત્ત્વજ્ઞાન પ્રતિ સમર્પિત હતા. સાધનાનગર પંચકલ્યાણકમાં ભગવાનના માતા-પિતા બનવાનો લાભ લીધો હતો.

## (૬૪)

# પ્રૌઢ વ્યક્તિઓ માટેના પ્રશ્ન

(આપેલ વિકલ્પમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા ભરો)

(૧) .......... થી ઉપશમભાવ પ્રગટ થાય છે. (જિનદર્શન, જિનભક્તિ, સ્વાધ્યાય)

(૨) શ્રી અકલંક આચાર્યદેવ રચિત તત્ત્વાર્થરાજવાર્તિક નામની ટીકા ................. શાસ્ત્રની છે. (સમાધિતંત્ર, તત્ત્વાર્થસૂત્ર, પરમાત્મપ્રકાશ)

(૩) શ્રવણબેલગોલા શિલાલેખ અનુસાર ............... આચાર્યદેવના ચરણને સ્પર્શ થયેલ જળથી લોખંડ પણ સુવર્ણ બની ગયેલ હતું. (સમન્તભદ્ર, પૂજ્યપાદ, જિનસેન)

(૪) ................ વિનાનું જ્ઞાન મિથ્યાજ્ઞાન છે. (સમ્યગ્દર્શન, સમજણ, શાસ્ત્રજ્ઞાન)

(૫) જેમ પરિપૂર્ણ ઉષ્ણતાએ પરિણમેલો અગ્નિ સમસ્ત દાહ્યને બાળે છે, તેમ પરિપૂર્ણ જ્ઞાને પરિણમેલો આત્મા સમસ્ત .............. ને જાણે છે. (જીવો, લોકાકાશ, જ્ઞેયો)

(૬) જેમ અનાર્યજનને અનાર્યભાષા વિના સમજાવી શકાતું નથી તેમ વ્યવહાર વિના પરમાર્થનો ઉપદેશ થઈ શકતો નથી, આ વાત ............ શાસ્ત્રમાં કહેલ છે. (પ્રવચનસાર, સમયસાર, નિયમસાર)

(૭) ''આ વ્રતના ફળથી હું રાજા બનીશ'' એવી વારંવાર વિચારણા કરવી એ ............ ધ્યાનનો પ્રકાર છે. (આર્ત, રૌદ્ર, ધર્મ)

(૮) તીર્થંકર નામકર્મ પ્રકૃતિ ................. ના આશ્રયે હોય છે. (કેવળી કે શ્રુતકેવળી, બંધમાર્ગ, મોક્ષમાર્ગ)

(૯) મનઃપર્યયજ્ઞાન ............... ગુણસ્થાન સુધી હોય છે. (૬ થી ૧૦, ૬ થી ૧૨, ૬ થી ૭)

(૧૦) સાંસારિક સુખમાં સૌથી વધુ ચઢીયાતું ............. નું સુખ છે. (તીર્થંકર ભગવાન, ચક્રવર્તી, અહમિન્દ્ર)

(૧૧) પૂજ્ય ગુરુદેવશ્રીના વચનામૃત બોલ-૧૮૮માં આવે છે કે ''અનાદિ અનંત એવું જે એક નિજ શુદ્ધ ચૈતન્ય તેનું, સ્વસન્મુખ થઈ આરાધન કરવું તે જ .............. થવાનો સાચો ઉપાય છે. (જ્ઞાની, ધર્માત્મા, પરમાત્મા)

(૧૨) પૂજ્ય બહેનશ્રીનાં આત્મસાધના પ્રેરક પત્રમાં આવે છે કે ''સંસારમાં જેને સુખ લાગે તેને આત્મિક સુખ ઘણું દૂર છે, જેને સંસાર હળાહળ ઝેર જેવો લાગે તેને ............. નજીક છે. (આત્માનુભવ, અમૃત, સ્વર્ગ)

(૧૩) તિર્યંચ ગતિમાં સ્ત્રી, પુરુષ, નપુંસક ત્રણ વેદ પૈકી ............. વેદ હોય છે. (બે, ત્રણ, એક)

(૧૪) સામાન્યગુણથી દ્રવ્યની સિદ્ધિ થાય છે તથા વિશેષ ગુણથી જાતિની સિદ્ધિ થાય છે તેથી તે બંનેમાં ........... અપેક્ષાએ ભેદ છે. (લક્ષણ, પ્રયોજન, સંખ્યા)

(૧૫) દ્રવ્યને સર્વથા ધ્રૌવ્યરૂપે માનવામાં આવે, પરંતુ ઉત્પાદ કે વ્યયરૂપે ન માનવામાં આવે તો ............ અભાવ થાય. (સંસાર, જીવદ્રવ્ય, મોક્ષ)

(૧૬) નિર્વિકાર નિશ્ચળ ચૈતન્ય પરિણતિરૂપ ચારિત્રથી વિરુદ્ધભાવ તેને ............ કહે છે. (મોહ, ક્ષોભ, સામ્ય)

(૧૭) ઈરાદાપૂર્વક કરવામાં આવતા જીવોના પ્રાણઘાતને ............. હિંસા કહેવામાં આવે છે. (સંકલ્પી, વિરોધી, આરંભી)

(૧૮) દર્શનમોહનીય કર્મનો બંધ .......... ગુણસ્થાને થાય છે. (૧ થી ૨, ૧ થી ૩, પ્રથમ)

(૧૯) ............. કર્મ વિના જીવને ઔદયિક આદિ ચાર ભાવો હોતા નથી. (દ્રવ્ય, ભાવ, નો)

(૨૦) ........... એ જ્ઞાન સંબંધી દોષ નથી. (અનધ્યવસાય, વિપર્યય, અલ્પજ્ઞતા)

## પ્રૌઢ માટેના આપેલ પ્રશ્ન ઓક્ટોબર–૨૦૧૮ના ઉત્તર

(૧) જ્ઞાન
(૨) સમયસાર
(૩) બારમા
(૪) પરમાત્મા
(૫) આયુ
(૬) ૨૦૦૦
(૭) પ્રભુત્વ
(૮) મધ્યમ
(૯) બારમા
(૧૦) છ મહિના
(૧૧) બીજા
(૧૨) મનોવતી
(૧૩) બંધ
(૧૪) પુરુષાર્થ
(૧૫) ઉપચરિત અસદ્ભૂત
(૧૬) દર્શન
(૧૭) સમ્યગ્દષ્ટિ
(૧૮) સ્વતઃસિદ્ધ
(૧૯) નામ
(૨૦) કર્મ

## (૬૪)

## બાળકો માટેના પ્રશ્નોત્તર

(૧) પૂજ્ય ગુરુદેવશ્રી અત્યારે................. ગતિમાં છે.

(૨) પરમપૂજ્ય કાનજીસ્વામી છેલ્લા ૪૫ વર્ષ....................... માં રહ્યાં હતાં.

(૩) સતી અંજનાના પુત્રનું નામ ................... હતું.

(૪) મોક્ષમાર્ગમાં (૧)......... (૨) .............. (૩) ........... રત્ન છે.

(૫) પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના પિતાનું નામ ..................... હતું.

(૬) ભરતક્ષેત્રમાં ભગવાનના ............... કલ્યાણક હોય છે.

(૭) પાવાપુરીથી .................. ભગવાન મોક્ષ ગયા છે.

(૮) વીર, ................., સન્મતિ, .................. અને મહાવીર આ એક જ ભગવાનના નામ છે.

(૯) પૂજ્ય સદ્‌ગુરુદેવે પહેલો ૐકાર ધ્વનિ ................ ગામે સાંભળ્યો હતો.

(૧૦) ગૌતમસ્વામી .................થી મોક્ષ ગયા છે.

(૧૧) પરમ પૂજ્ય કાનજીસ્વામીની તપોભૂમિને ...................... કહેવાય છે.

(૧૨) પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનો છેલ્લો મંત્ર ........................ હતો.

(૧૩) પૂજ્ય ગુરુદેવશ્રી વિદેહક્ષેત્રમાં .......................... નામના રાજપુત્ર હતા.

(૧૪) પરમ પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રીએ .................... શાસ્ત્ર ઉપર ૧૯વાર પ્રવચન કર્યા હતા.

(૧૫) પૂજ્ય ગુરુદેવશ્રી ભક્તોને શાસ્ત્રમાં લાલ અક્ષરથી.......................... લખી આપતા હતાં.

(૧૬) સુપાર્શ્વનાથ ભગવાનના માતાનું નામ................ પિતાનું નામ.............. હતું.

(૧૭) હરણ .................... ભગવાનનું ચિહ્‌ન છે.

(૧૮) આદીનાથ ભગવાનને વરસીતપનું પારણું..................... રાજાએ કરાવ્યું હતું.

(૧૯) ................ દેવીના મૃત્યુથી ઋષભદેવ ભગવાનને વૈરાગ્ય થયો.

(૨૦) નેમિનાથ ભગવાન .................. પર્વતથી મોક્ષ ગયા છે.

નમઃ શ્રીસીમંધરદેવાય　　　　નમઃ શ્રીકહાનગુરુદેવાય　　　　વન્દે ભગવતીમાતરમ્

**શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ પ્રેરિત તથા**

**શ્રી કહાન પુષ્પ પરિવાર દ્વારા આયોજિત**

# અઢારમી 'બાલ સંસ્કાર અધ્યાત્મજ્ઞાન શિબિર

(તા. ૨૫-૧૨-૨૦૧૮ થી ૩૦-૧૨-૨૦૧૮)

અનંત ઉપકારી પરમ પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામી તથા તેમના અનન્ય ભક્ત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના ધર્મપ્રભાવના યોગથી આપણે સૌ મુમુક્ષુઓ સત્ય શુદ્ધાત્મા પ્રગટ કરવાનો માર્ગ સમજી શક્યા છીએ. આ ઊંડા તત્ત્વ સંસ્કારોનું સિંચન આપણી ભાવી પેઢીમાં પણ થાય તે અત્યંત આવશ્યક છે. આ હેતુને ધ્યાનમાં રાખીને શ્રી કહાન પુષ્પ પરિવાર દ્વારા પાછલા સત્તર વર્ષોથી બાળ સંસ્કાર શિબિરોનું આયોજન કરાઈ રહ્યું છે. આ જ શ્રેણીમાં આ વર્ષે પણ પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની સાધનાભૂમિ સુવર્ણપુરીમાં તા. ૨૫-૧૨-૧૮, મંગળવારથી તા. ૩૦-૧૨-૧૮, રવિવાર સુધી અઢારમી બાળ સંસ્કાર અધ્યાત્મજ્ઞાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. આ શિબિર શ્રી મલાડ દિગંબર જૈન મુમુક્ષુ મંડળના સૌજન્યથી કરવામાં આવી છે.

આ શિબિરમાં આવવાથી બાળકોને ધાર્મિક સંસ્કાર-સિંચન સાથે સાથે પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રીની સાધનાભૂમિ સુવર્ણપુરીના જિનાયતનોમાં બિરાજમાન જિનેન્દ્ર ભગવંતોના દર્શન-પૂજનનો, પૂજ્ય ગુરુદેવશ્રીના કલ્યાણકારી સીડી પ્રવચનોનો પણ લાભ મળશે. આ શિબિર ૧૦ થી ૧૮ વર્ષના બાળકો માટે રાખવામાં આવી છે.

આ શિબિર પ્રસંગે તા. ૩૦-૧૨-૨૦૧૮ના રોજ એક દિવસ માટે શ્રી દિગમ્બર જિનમંદિર વિંછીયાના દર્શન-યાત્રા તથા શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે.

લિ.

શ્રી કહાન પુષ્પ પરિવાર વતી

શ્રી હસમુખભાઈ વોરા　　　　શ્રી જિતેન્દ્રભાઈ શાહ
પ્રમુખ　　　　સેક્રેટરી

ના જય જિનેન્દ્ર

# પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર

● જેમ રાગની મંદતા તે મોક્ષમાર્ગ નથી. જેમ વ્યવહાર સમ્યગ્દર્શન તે મોક્ષમાર્ગ નથી કે મોક્ષનું કારણ નથી તેમ તેની સાથે રહેલું પરસત્તાવલમ્બી જ્ઞાન પણ મોક્ષનું કારણ નથી. સ્વસત્તાને પકડવાની લાયકાતવાળું જ્ઞાન જ મોક્ષનું કારણ છે. જ્ઞાનાનુભૂતિ–આત્માનુભૂતિ એ જ મોક્ષનું કારણ છે. ૩૨૭.

● પર્યાયમાં સ્વકાળે જ મોક્ષ થાય છે, વહેલો કે મોડો થઈ શકે નહિ.–એમ નક્કી કરવા જાય ત્યાં એની દૃષ્ટિ ધ્રુવ ઉપર જ જાય છે અને એમાં સ્વભાવસન્મુખતાનો અનંત પુરુષાર્થ આવે છે અને ત્યારે જ પર્યાયના સ્વકાળનું સાચું જ્ઞાન થાય છે. આત્માના શ્રદ્ધા-જ્ઞાન સમ્યક્ થયા એને કાર્ય થઈ જ રહ્યું છે, પછી વહેલા મોડાનો પ્રશ્ન જ ક્યાં છે. ૩૨૮.

● હે પ્રભુ ! આપે ચૈતન્યના અનંતા ખજાના ખોલી નાખ્યા ! તો હે પ્રભુ ! હવે એવો તે કોણ હોય કે તરણા સમાન ચક્રવર્તીના રાજને છોડીને ચૈતન્યના ખજાનાને ખોલવા ન નીકળી પડે. ૩૨૯.

● આ આત્મા એ જ જિનવર છે, એ જ તીર્થંકર છે. અનાદિકાળથી જિનવર છે. આહાહા ! અનંતા કેવળજ્ઞાનની વેલડી છે. પોતાનો આત્મા જ અમૃતનો કુંભ છે, અમૃતની વેલડી છે. એના પર એકાગ્ર થવાથી પર્યાયમાં જિનવરના દર્શન થાય છે. પરમાત્મા પ્રગટ થાય છે તેને સમ્યગ્દર્શન કહે છે. ૩૩૦.

● ભગવાન સર્વજ્ઞદેવ એમ કહે છે કે આત્મામાં શરીર-સંસાર કે રાગાદિ છે જ નહિ–એમ પહેલામાં પહેલો નિર્ણય કરીને આત્માનો અનુભવ કરી લે ! એને બદલે જે એમ માને છે કે પહેલા શુભ ક્રિયા કરી કષાય મંદ કરી આત્મા હળવો થાય પછી આત્માનો અનુભવ થાય. તે જીવ દેવ-શાસ્ત્ર-ગુરુ જે કહે છે તેનો અનાદર કરે છે. ૩૩૧.

● નિર્મળ પર્યાય ને ત્રિકાળી દ્રવ્યનું જ્ઞાન ને અનુભવ થયા છતાં દૃષ્ટિનું આસન તો અવ્યક્ત ઉપર છે. વ્યક્તપણા પ્રત્યે ઉદાસીનપણે છે. ૩૩૨.

● ભગવાન તું તો ગુણનો ગોદામ છે. પુણ્ય-પાપના ભાવનો તું ગોદામ નથી. ભગવાન આત્મા જ્ઞાયકભાવરૂપ છે ને શુભાશુભ અચેતન છે. જ્ઞાયકભાવ શુભાશુભપણે થાય તો ચેતન છે તે અચેતન થઈ જાય. જાણક જાણક ભાવ તે અજાણક એવા શુભાશુભ ભાવે થાય તો તે અચેતન થઈ જાય. માટે જ્ઞાયક તે તો જ્ઞાયક જ રહ્યો છે કે જે સમ્યગ્દર્શનનો વિષય છે. ૩૩૩.

આત્મધર્મ
નવેમ્બર-૨૦૧૮
અંક-૩ ● વર્ષ-૧૩

Posted at Songadh PO
Publish on 1-11-2018
Posted on 1-11-2018

Registered Regn. No. BVR-367/2018-2020
Renewed upto 31-12-2020
RNI Registration No. GUJGUJ/2006/18667
વાર્ષિક લવાજમ રૂા. ૯/- આજીવન લવાજમ રૂા. ૧૦૧/-




**Printed & published by Hasmukhbhai Popatlal Vora on behalf of shri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.**

**Editor : Anantrai Vrajlal Shah.**

If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
**SONGADH**-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662

www.kanjiswami.org
email : contact@kanjiswami.org